R.N.I. No. MAHBIL/2020/79181

ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

Since 1924...

સળંગ વર્ષ ૧૦૨મું

VOLUME : 06 • ISSUE : 20 • PAGES : 36 • MUMBAI • DATE : 20TH AUGUST 2026

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

પ્રકાશ સમીક્ષાની કેડીને રાજમાર્ગ બનાવનાર તંત્રીશ્રીને ૧૯ મી પુણ્યતિથિએ આદરાંજલિ

શ્રી સનત નરપાર શાહ

ગામ : મોટી સિંધોડી, હાલ : સાયન, મુંબઈ • અરિહંત શરણ : તા. ૩૦-૮-૨૦૦૭

આદર્શોને વ્યવહાર બનાવતાં વિતાવ્યું જીવન,
પત્રકારત્વથી સમૃધ્ધ કર્યું જ્ઞાતિનું સમાજ જીવન,
સ્વજનોને શીખવ્યું કેમ વિસ્તારવા સીમાંકન,
સદાયે જીવંત પાવન સ્મૃતિને સાદર વંદન!

આપના સતત સળંગ પાંચ દાયકાથી વિશેષ સમયકાળના તંત્રીપદ અને પત્રકારિત્વના ગૌરવાન્વિત યોગદાનને આ ઓગણીસમી પુણ્યતિથિએ નતમસ્તક શ્રધ્ધાંજલિ

પ્રકાશ સમીક્ષા સમિતિ

With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation

6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

એક આત્મીય માર્ગદર્શક શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસિયા હવે આપણી વચ્ચે નથી

– CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150



ખૂબજ દુઃખ સાથે લખવું પડે છે કે, પ્રકાશ સમીક્ષાના ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસિયા હવે આપણી વચ્ચે રહ્યા નથી. તા. ૯ ઓગસ્ટે લાંબી માંદગી બાદ તેમણે આ નશ્વર દેહનો ત્યાગ કરી પરમ યાત્રા તરફ પ્રયાણ કર્યું. તેમના નિધનથી પ્રકાશ સમીક્ષા પરિવારને જ નહીં, પરંતુ શિક્ષણ, સમાજસેવા અને ધાર્મિક ક્ષેત્રે સેવાભાવી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા અનેક લોકોને મોટી ખોટ પડી છે.

કેટલીક વ્યક્તિઓ પોતાના જીવનકાળમાં માત્ર એક વ્યક્તિ તરીકે નહીં, પરંતુ એક સંસ્થા, એક વિચાર અને એક મૂલ્યપ્રણાલી તરીકે જીવે છે. શ્રી કિરીટભાઈ લાપસિયા એવું જ વિરલ વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમનું વ્યક્તિત્વ અત્યંત સરળ, સૌમ્ય હતું અને હંમેશાં ચહેરો હસતો રહેતો હતો. જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ હોય, ચહેરા પરનું તેમનું સ્મિત ક્યારેય ઓસરતું નહીં. બીજાને પ્રોત્સાહન આપવું, સારા કાર્યમાં સાથ આપવો અને જરૂર પડે ત્યારે યોગ્ય માર્ગદર્શન આપવું, એવો તેમનો સ્વભાવ હતો, જે સદૈવ સ્મરણમાં રહેશે.

પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટ સાથે તેઓ લાંબા સમયથી જોડાયેલા હતા અને ટ્રસ્ટી તરીકે તેમણે સંસ્થાને માત્ર સમય જ નહીં, પરંતુ પોતાના અનુભવ, સમજણ અને આત્મીય સહકાર સતત આપ્યો. લાંબી માંદગી દરમિયાન પણ સંસ્થાની પ્રવૃત્તિઓ પ્રત્યે તેમનો રસ ઓછો થયો નહોતો. તબિયત અનુકૂળ ન હોય તો પણ જ્યારે જરૂર પડે ત્યારે તેઓ ટ્રસ્ટ બોર્ડને માર્ગદર્શન આપતા. કોઈ પ્રશ્ન હોય, કોઈ નિર્ણય લેવાનો હોય કે કોઈ નવી પ્રવૃત્તિ અંગે વિચારવિમર્શ કરવો હોય ત્યારે તેમની સલાહ હંમેશાં મહત્વપૂર્ણ રહેતી. પ્રકાશ સમીક્ષાના લેખો તથા નવા ક્લેવર માટે કિરીટભાઈએ મને હંમેશા પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું છે. શતાબ્દી ઉત્સવની ઉજવણી માટે પણ તેમનું અમુલ્ય માર્ગદર્શન મળ્યું હતું તેની નોંધ લઉં છું.

તેઓ અમારા માટે માત્ર ટ્રસ્ટી નહોતા, તેઓ અમારા માર્ગદર્શક, શુભેચ્છક અને સંસ્થાના આધારસ્તંભ હતા. ઘણી વખત તેમની એક નાની વાત પણ મોટી સમસ્યાનો ઉકેલ બતાવી દેતી. તેમની પાસે અનુભવ હતો, સ્વસ્થતા હતી તેથી તેઓ શાંતિથી સાંભળતા, વિચારતા અને પછી યોગ્ય સૂચન આપતા.

મારો તેમની સાથેનો સંબંધ માત્ર પ્રકાશ સમીક્ષા પૂરતો મર્યાદિત નહોતો. શિક્ષણ પ્રચારક સમિતિમાં પણ મને તેમની સાથે વર્ષોથી કામ કરવાની તક મળી છે. આ લાંબા સહવાસ દરમિયાન મેં તેમને નજીકથી જોયા અને અનુભવ્યા છે. સંસ્થા પ્રત્યેની તેમની નિષ્ઠા, શિક્ષણ પ્રત્યેની તેમની લાગણી અને સમાજ માટે કંઈક સારું કરવાની તેમની સતત તત્પરતા મારા માટે હંમેશાં પ્રેરણારૂપ રહી છે.

શ્રી કિરીટભાઈ માત્ર સારા વિચારોને વાસ્તવિકતા બનાવવામાં પોતાના સંસાધનોનો ઉપયોગ કરનાર દાનવીર પણ હતા. તેમણે અનેક ટ્રસ્ટો, જૈન દેરાસરો અને શૈક્ષણિક સંસ્થાઓને નોંધપાત્ર આર્થિક સહાય આપી છે. દાન આપવું તે તેમની જીવનશૈલીનો એક સ્વાભાવિક ભાગ હતો. સમાજ પાસેથી જે મળ્યું છે તેમાંથી થોડોક હિસ્સો પાછો સમાજને આપવાની ભાવના તેમના જીવનમાં સ્પષ્ટ દેખાતી હતી.

શિક્ષણક્ષેત્રે તેમનો ખાસ લગાવ હતો. શિક્ષણ એ વ્યક્તિ અને સમાજના પરિવર્તનનું સૌથી શક્તિશાળી સાધન છે, એ વાત તેઓ દૃઢપણે માનતા હતા. તેથી શૈક્ષણિક સંસ્થાઓને સહાય કરવી, યુવાનોના ભવિષ્ય માટે યોગદાન આપવું. અને ધાર્મિક-સામાજિક સંસ્થાઓને મજબૂત બનાવવું. તેમણે ઉદાર હાથે

આદ્યતંત્રીઓ

"પ્રકાશ"
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
"સમીક્ષા"
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
"પ્રકાશ સમીક્ષા"
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

તંત્રી : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ
સહતંત્રી : શિલ્પાબેન અજાણી

ટ્રસ્ટ રજી. નં : F - 69260

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ
મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

અન્ય ટ્રસ્ટીઓ

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
શિલ્પાબેન અજાણી
ઍડ. કેતન મધુકાંત લોડાયા
કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા
ઍડ. શૈલેશ સનત્ શાહ
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા

સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

વૉલ્યુમ : ૦૬, અંક : ૨૦, તા. ૨૦-૦૮-૨૦૨૬

: કાર્યાલય :

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

PRAKASH SAMIKSHA
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

: જાહેરાત સંપર્ક :

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**

વિશેષ નોંધ : પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

જાહેરાતની રકમ ભરવા બેંક એકાઉન્ટની વિગત

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
"Shri C D O Prakash Samiksha Samiti" and payable at par at Mumbai.
ચેકથી જાહેરાતની રકમ ભરનારાઓએ ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

કલર પાનાની જાહેરાત

પ્રકાર	સાઈઝ	કલર	GST 5%	ટોટલ
મુખપૃષ્ઠ	167 x 190 mm	11,000/-	550/-	11,550/-
આખું પાનું	167 x 233 mm	10,000/-	500/-	10,500/-
અડધું પાનું	167 x 114 mm	6,000/-	300/-	6,300/-
પા પાનું	82 x 114 mm	4,000/-	200/-	4200/-

બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત

પ્રકાર	સાઈઝ	B/W	GST 5%	ટોટલ
આખું પાનું	160 x 225 mm	6,000/-	300/-	6,300/-
અડધું પાનું	160 x 111 mm	3,500/-	175/-	3,675/-
પા પાનું	77 x 111 mm	2,000/-	100/-	2,100/-
૧/૮ પાનું	77 x 54 mm	1100/-	55/-	1155/-
૧/૧૬ પાનું	77 x 27 mm	600/-	30/-	630/-

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

સહયોગ આપ્યો.

તેમની સૌથી મોટી વિશેષતા કદાચ એ હતી કે તેઓ આપીને ભૂલી જતા અને મેળવનારને યાદ રહેતું. તેમણે કરેલા દાનનો કોઈ દેખાડો નહોતો. કોઈ સારા કાર્ય માટે સહાયની જરૂર હોય અને તે કાર્ય યોગ્ય હોય તો તેઓ મહત્તમ સહયોગ આપવા હંમેશાં તૈયાર રહેતા.

આજે જ્યારે આપણે તેમને યાદ કરીએ છીએ ત્યારે તેમની લાંબી માંદગી યાદ આવતી નથી; યાદ આવે છે તેમનું હંમેશાં હસતું મુખ, શાંત સ્વભાવ, સ્નેહભર્યો વ્યવહાર અને જરૂર પડે ત્યારે મળતું મક્કમ માર્ગદર્શન. બીમારી તેમના શરીરને નબળું કરી શકી, પરંતુ તેમની સમાજસેવાની ભાવના અને સંસ્થાઓ પ્રત્યેની જવાબદારીની લાગણીને નબળી કરી શકી નહોતી.

તેમનું અવસાન વ્યક્તિગત રીતે મારા માટે પણ અત્યંત દુઃખદ છે. વર્ષોથી સાથે કામ કરતાં કરતાં જે સંબંધ ઊભો થયો હતો તે માત્ર સહકર્મી કે ટ્રસ્ટીનો સંબંધ નહોતો; તેમાં સ્નેહ, આદર અને માર્ગદર્શનનું વિશેષ સ્થાન હતું. જીવનના અનેક પ્રસંગોમાં તેમની સાથે વિચારવિમર્શ કરવાની તક મળી. તેમની વાતો, તેમના વિચારો અને તેમની કાર્યશૈલી સતત આપણી સાથે રહેશે અને માર્ગદર્શક બનશે.

માણસનું સાચું મૂલ્યાંકન તેના જીવનકાળમાં તેણે કેટલું મેળવ્યું તેના પરથી નહીં, પરંતુ તેણે સમાજને કેટલું આપ્યું તેના પરથી થાય છે. આ માપદંડથી જોઈએ તો શ્રી કિરીટભાઈનું જીવન ખૂબ જ સમૃદ્ધ હતું. તેમણે સંપત્તિનો ઉપયોગ માત્ર પોતાના માટે નહીં, પરંતુ સમાજના હિત માટે કર્યો. તેમણે અનેક સંસ્થાઓને મજબૂત બનાવી, ધાર્મિક સ્થળોને સહયોગ આપ્યો, શિક્ષણને પ્રોત્સાહન આપ્યું અને અનેક સારા કાર્યોમાં સહકાર આપ્યો.

આપણે તેમને શ્રદ્ધાંજલિ આપવાનો શ્રેષ્ઠ માર્ગ એ જ છે કે તેમણે જે સેવા, શિક્ષણ, સંસ્કાર અને સહકારની પરંપરા જીવંત રાખી, તેને આગળ ધપાવીએ. પ્રકાશ સમીક્ષા અને તેની સાથે જોડાયેલા સૌ માટે તેમનું જીવન એક પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

તેમણે આપેલો સ્નેહ, વિશ્વાસ, સહકાર અને માર્ગદર્શન લાંબા સમય સુધી આપણી સાથે રહેશે.

તેમનું સ્મિત આપણી સ્મૃતિમાં રહેશે,
તેમનું માર્ગદર્શન આપણી વિચારધારામાં રહેશે,
અને તેમની ઉદાત સેવાભાવના,
આપણી પ્રવૃત્તિઓમાં જીવંત રહેશે.

પરમાત્મા તેમના પવિત્ર આત્માને શાંતિ અર્પે અને તેમના પરિવારજનો, સ્નેહીજનો તથા પ્રકાશ સમીક્ષા પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ આપે એવી પ્રભુચરણે હૃદયપૂર્વકની પ્રાર્થના સહ વિનમ્ર શ્રદ્ધાંજલિ.

***

પર્યુષણ પર્વની ઉજવણીના સમાચારો ફોટોગ્રાફ તથા વિડીઓ મોકલવા વિનમ્ર નિવેદન

ચાતુર્માસનો પ્રારંભ થઈ ચૂક્યો છે. વિવિધ સંઘોમાં પૂજ્ય મહારાજ સાહેબો (ગુરુ ભગવંતો)નો પ્રવેશ ઉત્સવ આનંદપૂર્વક ઉજવાયો. ચાતુર્માસ દરમ્યાન તપ – આરાધના થશે તથા પૂજ્યશ્રીઓના વ્યાખ્યાનો પણ યોજાશે. આવા ધર્મમય ચાતુર્માસ દરમ્યાન પયુર્ષણ પર્વની પણ ઉજવણી થશે.

બધા મહાજન અને દેરાસર ટ્રસ્ટોને વિનંતી છે કે ઉજવણીના સમાચાર ફોટોગ્રાફ સાથે પ્રકાશ સમીક્ષામાં મફત પ્રકાશન માટે વહેલી તકે kdoprakash@gmail.com ઉપર મોકલાવે. વેબસાઇટ અને પ્રકાશ વિડિઓ મેગેઝિન પર અપલોડ કરવા માટે વિડિઓઝ વોટ્સએપ નં. 98215 35111 ઉપર અથવા ઈમેઇલ આઈડી પર પણ મોકલી શકો છો.

પર્યુષણ અને ચતુર્માસ ઉજવણીના સમાચાર, ફોટોગ્રાફ અને વિડિઓઝ પણ મોકલવા વિનમ્ર નિવેદન.

– પ્રકાશ સમીક્ષા સમિતિ

U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

કચ્છ દર્શન

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ભાગ : ૬૮)

(ગતાંકથી ચાલુ)

ઈસરોના ચેરમેનને સાંત્વના આપતા શ્રી નરેન્દ્ર મોદી

યાત્રિકોને આ ગેલેરીઓ જોવામાં આનંદ પડ્યો તેથી માર્ગદર્શકો દરેક ગેલેરીને વિસ્તારથી સમજાવતા.

(૧) આકાશ અને ભુમંડળ તેમજ અંતરિક્ષ દર્શન, અવકાશ યાત્રિયો : આ ગેલેરીમાં આકાશ દર્શન કરાવવામાં આવે છે. જુદા મોડેલ્સથી દિવસ-રાત્રી કેમ થાય છે તેમજ સુર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ વિશે માહિતી આપવામાં આવે છે.

અહીંયા દિવસ-રાત્રી, ચંદ્ર-સુર્ય તેમજ કંકણા કૃતિ ગ્રહણો વિશેનાં મોડલ્સ મુકવામાં આવ્યા છે. ચાલો યાત્રિકો સાથે આપણે પણ આ પ્રથમ ગેલેરીની મુલાકાત લઈએ.

પૃથ્વી સુર્યમાંથી છુટો પડેલો ટુકડો છે. પ્રથમ તે ગરમ હતો પણ ધીમે ધીમે ઠંડો પડતાં તેના પર માનવ જીવન સર્જાયું. આ આપણે ચાર્લ્સ ડારવિનનાં ઉત્ક્રાંતિવાદમાં શીખી ગયા છીએ. ગગનમાં તારાઓ ઠંડા ગેસનાં ધુળિયા વાદળોથી વર્ષોથી સર્જાયા છે. આમ તારા દર્શનમાં આપણે મૃગશીર્ષ, ધ્રુવ તારા નીરખીયે છીએ જે જુના જમાનામાં દરિયાઈ સફરમાં દિશા નીરખવા મદદ કરતા.

આ સાથે અહીં અવકાશ યાત્રાની માહિતી આપવામાં આવી છે. અમેરીકન અવકાશયાત્રિ **નીલ આર્મસ્ટ્રોન્ગે** પ્રથમ ચંદ્રમા પર પદાર્પણ કરેલું. રશિયાનો અવકાશ યાત્રી **વાલ્ડીમીર કોમરોવ** ૨૪ એપ્રિલ, ૧૯૬૭નાં સોયુઝ-૧ યાન પૃથ્વી પર પાછું ફરતાં ક્રેશ થયું અને મૃત્યુ પામ્યો. અહીંયા જુદા જુદા અવકાશ યાત્રિઓનાં ફોટા અને યાનનાં ફોટા મકવામાં આવ્યા છે. **વીંગ કમાંડર રાકેશ શર્મા** ૨ એપ્રિલ, ૧૯૮૪ના ઓવિયેટ સોયુઝ-૧૧માં ચંદ્રમાની સપાટી પર પદાર્પણ કરી ચાલ્યા હતા.

અન્ય ભારતીય અવકાશ યાત્રીઓમાં શુભાંશુ શુકલા, **કલ્પના ચાવડા, સુનિતા વિલ્સિમ,** રાજા ચારી, રવિશ મલ્હોત્રા, અજિત ક્રિસનન, પારસનાથ નાયર, અનગડ઼ પ્રતાપ **શીરીશા બાંદલા** (તૃતીય સ્ત્રી યાત્રી).

સપ્ટેમ્બર-૨૦૧૯નાં ચંદ્રયાન-૨ વિક્રમ લેન્ડર છેવટનાં ઉત્તરાણમાં માર્ગ ભુલી ભટકાઈ ગયું ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડૉ. કે. શીવન ‘ઈસરો’નાં ચેરમેન તેમજ અન્ય વૈજ્ઞાનિકોને બેંગલોર સેન્ટરમાં હાજર રહી સાંત્વના આપેલી. અને ફરીથી પ્રયત્ન કરવા ઉત્સાહ વધારેલો.

(૨) નૌકા સૈન્ય અને વાહન વહેવાર : આ ગેલેરીમાં વહાણવટામાં કેવી રીતે ઉત્ક્રાંતિ આવી. તે જુદા મોડેલથી દર્શાવવામાં આવ્યા છે. સઢવાળા વહાણોથી કરી આજની વિશાળ કાય સ્ટીમરોનાં મોડેલ્સ છે. જે જોવા નાના ભુલકાઓને મજા પડી ગઈ. અહીં સબમરીન વિશે પણ માહિતી મુકવામાં આવી છે.

સપ્ટેમ્બર ૧૬૧૨માં ઈસ્ટ ઈન્ડીયા કંપનીએ નૌકાસૈન્યની સ્થાપના કરેલી. ભારતીય નૌસેનાની સ્થાપના ૨૬ જાન્યુઆરી ૧૯૫૦માં થયેલી. વાઈસ એડમીરલ રામદાસ કટારીએ બ્રિટીશ નેવી ઓફિસર પાસેથી ચાર્જ લીધેલ. **INS Vikrant (R11)** એરક્રાફ્ટ સાથેની નૌ સેના હતી.

(વધુ આવતા અંકે...)

પૌરાણિકથી આધુનિક વહાણવટાના મોડેલ્સ
સાયન્સ સેન્ટર - ભુજમાં

કરન્ટ ટોપીક

કલમની વ્યાખ્યા બદલાઈ, કીબોર્ડ પછી વોઈસ ટાઈપિંગ અપનાવાઈ....

એડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ), મો.:૯૮૭૯૫૨૨૬૪૨

માનવ સભ્યતાના ઇતિહાસમાં કોમ્યુનિકેશનનું મહત્વ પહેલેથી જ રહેલ છે. પ્રાચીનકાળમાં ગુફામાં અને દીવાલોમાં ચિત્રો બનાવી ભાવના વ્યક્ત કરતા પછી ભાષાની શોધ થઈ અને સદીઓ સુધી લોકો હાથેથી લખતા પછી ટાઈપિંગ યુગ હતો. કોમ્પ્યુટર, લેપટોપ અને સ્માર્ટફોનના આગમનથી ટાઈપિંગ યુગ શરૂ થયો.

ટેકનોલોજીની ક્રાંતિ સાથે કલમની જગ્યા કીબોર્ડ એ લીધી અને હવે આ યુગ સમાપ્ત થવા જઈ રહ્યો છે. આજે વોઈસ ટાઈપિંગ અને ઓટોમેટીક લખાણ આપણા વિચાર ઉપરથી લખી શકાશે અને આવનારા સમયમાં પુસ્તક કે ડોક્યુમેન્ટ લખીને નહીં પણ બોલીને બનાવી શકાશે એવી વ્યવસ્થા આકાર લઈ લશે. થોડા વર્ષો પહેલા જ આપણે કોઈ વ્યક્તિ વિશેષને મળતા તો તેમના હસ્તાક્ષર એટલે ઓટોગ્રાફ લેતા અને તે સંભાળી રાખતા અને હવે ટેકનોલોજીના સમયમાં ઓટોગ્રાફનું સ્થાન સેલ્ફીએ લીધું છે. આ તમામ ચક્રમાં કલમથી લખેલા આપણા હસ્તલિખિત અક્ષરો ગાયબ થઈ રહ્યા છે.

તમે કરેલી તમારી સહી કે હસ્તાક્ષરના વળાંક ઉપરથી તમારા ભવિષ્ય અને પ્રગતિની વ્યાખ્યા બાંધી શકાતી હતી. સમય જતા ટાઈપ કરવાના સાધન આવ્યા પછી કોમ્પ્યુટર અને ત્યારબાદ સ્માર્ટફોને ટાઈપને અલગ બનાવ્યું. આજે લખવાનું તો મૂકો પણ ટાઈપ કરવાની પણ આદત છૂટી રહી છે. મોબાઈલ આવતા લખવાનું ટૂંકું થવા લાગ્યું અને લખવાની આદત છુટવા લાગી છે. હવે ટેકનોલોજી એટલી હાવી થવા લાગી છે કે હાથથી ટાઈપ કરવા કરતાં બોલીને ટાઈપ થઈ જાય છે, તે પણ તમારી મનગમતી ભાષામાં.

એક સમયે સારા અક્ષરોની બોલબાલા હતી. હવે પૂછ્વું પડે છે કે તમને પેનથી હાથે લખતા ફાવે છે કે નહીં. યંગ જનરેશન કહે છે કે લખવાની ઝંઝટ શા માટે કરવી? બોલીને જે કહેવું હોય તે કહી દેવું જોઈએ. વોઇસ મેસેજ કરવું, બોલવું સરળ છે. આત્મીયતા ફીલ થાય છે અને તેના ટોન ઉપરથી તેના હાવભાવ અનુભવાય છે અને પ્રિય વ્યક્તિનો અવાજ પણ સાંભળવાનો મોકો મળે છે. સ્ટુડન્ટ ત્રણ કલાક પેપરથી હાંફી જાય છે. પરીક્ષા માટે સતત તેમને પ્રેક્ટિસ કરવી પડે છે.

કલમ એજ છે, એની ધાર પણ એજ રહેશે પણ ટેકનોલોજીએ પરિવર્તન લાવ્યું છે એને અપનાવવું જ જોઈએ. સમયની બચત અને કાર્યની ઝડપ થશે, શારીરિક શ્રમ એટલો ઓછો કરવો પડશે. આંખો બંધ કરીને પણ તમારા વિચારોને કંડારી શકાય છે. ટાઈપિંગ મિસ્ટેક કે સ્પેલિંગ મિસ્ટેક નહિવત થવા લાગશે. અભણ વ્યક્તિ પણ બોલીને પોતાની ભાવના વ્યક્ત કરી શકશે.

❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

Old is Gold But Gold is never Old

પણ એ old આઈટમ ને ક્યાં વેંચવી અને એની સાચી Value જાણવા માટે આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન એટલે **મહાવીર સારીઝ (સાંતાક્રુઝ-વે)**, ગ્રાહકને ફાયદો વધારે એવી એક માત્ર દુકાન. તમારા દિલ અને દિમાગમાં નામ અને સરનામુ Feet કરી દો. કબાટ ખોલો અને ઉપયોગમાં ન આવે તેવી ફક્ત

- સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર-બ્લા
- સાચી જરીના સેલા
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના ચંદરવા-પોઠીયા
- સાચી જરીની છુટ્ટી ટીકી-સુરમો-કસબ-ઘુઘરી
- અમારી દુકાને વેચવા લઈ આવો ને રોકડા રૂપિયા લઈ જાઓ.
- ઘર બેઠા તમારી જુની સાચી જરીની **Item** વેંચો, ફક્ત એક ફોન કરો, અમે તમારી સેવામાં હાજર.
- રોકડા રૂપિયા-સંતોષકારક વળતર One Shot Final

મહાવીર સારીઝ, મોદી ચાલ, શોપ નં.૨, સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

M. : 91 3714 6272 / 96195 54801 (SUNDAY CLOSED)

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

ચાલો... જીવનસંધ્યાને ઉત્સવ બનાવીએ!



તિલકચંદ કે. લોડાયા-ચેન્નઈ
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646

જીવનભર માણસ પરિવાર, વ્યવસાય, કારકિર્દી અને જવાબદારીઓ પાછળ દોડતો રહે છે.પરંતુ વૃદ્ધાવસ્થામાં મન ધીમેથી કહે છે. ''હજુ ઘણું બાકી છે... કેટલાક સંબંધો સુધારવાના છે, કેટલાક સપનાઓ પૂરાં કરવાના છે, થોડું મન હળવું કરવાનું છે અને હવે થોડું પોતાના માટે પણ સાચું જીવન જીવવાનું છે.''

વૃદ્ધાવસ્થા જીવનનો અંતિમ પડાવ નથી; તે જીવનને પાછળ વળીને માણવાનો, અંદર વળીને સમજવાનો અને આગળ જે સમય મળ્યો છે તેને અર્થપૂર્ણ બનાવવાનો સુંદર અવસર છે.

આ માટે વરિષ્ઠ નાગરિકોએ જીવનનું સુવ્યવસ્થિત આયોજન કરવું ખૂબ જરૂરી છે. નીચેના કેટલાક પગલાં જીવનસંધ્યાને વધુ આનંદમય અને સંતોષકારક બનાવી શકે.

૧. સંબંધોને પ્રથમ સ્થાન આપો.જૂનાં મનદુઃખો દૂર કરો. ''આભાર'', ''માફ કરજો'' અને ''તમે યાદ આવો છો'' જેવા નાના શબ્દો પણ સંબંધોમાં નવી ઉષ્મા ભરી શકે છે.

૨. સ્વાસ્થ્યને જીવનની મૂડી માનો. નિયમિત ચાલવું, યોગ, પ્રાણાયામ, યોગ્ય આહાર, પૂરતી ઊંઘ અને સમયસર તબીબી તપાસ, આ બધું શરીરને સક્રિય અને મનને પ્રસન્ન રાખે છે.

૩. અધૂરા શોખ ફરીથી જીવો.વાંચન, સંગીત, લેખન, કલા, પ્રવાસ, બાગકામ કે સેવાકાર્ય જે માટે જીવનની દોડમાં સમય મળ્યો નહોતો, તેને હવે સમય આપો.

૪. પોતાના માટે પણ જીવો.આખું જીવન બીજાઓ માટે જીવ્યા પછી પોતાના આનંદને સ્વાર્થ ન માનશો. જેનાથી મનને આનંદ મળે, તે પ્રવૃત્તિ માટે સમય કાઢો.

૫. આર્થિક અને વ્યવહારિક આયોજન કરો.વસીયત, જરૂરી દસ્તાવેજો, બેંક અને રોકાણની માહિતી, આરોગ્ય સંબંધિત વિગતો વગેરે વ્યવસ્થિત રાખો. આવું આયોજન પરિવાર માટે પણ આશ્વાસનરૂપ બને છે.

૬. એકલતા નહીં, સક્રિયતા અપનાવો.મિત્રો, સમાજ, પડોશ અને નવી પેઢી સાથે જોડાયેલા રહો. ફોન અને ડિજિટલ માધ્યમોનો યોગ્ય ઉપયોગ કરીને દૂર રહેલા સ્વજનો સાથે પણ સંપર્ક જાળવો.

૭. પોતાના અનુભવની ભેટ નવી પેઢીને આપો.તમારી પાસે વર્ષોના અનુભવોનો અમૂલ્ય ભંડાર છે. બાળકો અને યુવાનોને ઉપદેશ કરતાં વધુ, તમારી જીવનકથાઓ, ભૂલો અને અનુભવો શેર કરો. કદાચ તમારી એક વાત કોઈનું જીવન બદલી શકે.

૮. સમાજને કંઈક પાછું આપો.તમારી પાસે સમય છે, અનુભવ છે અને જીવનનો પરિપક્વ દૃષ્ટિકોણ છે. શિક્ષણ, સેવા, પર્યાવરણ, વડીલો અથવા જરૂરિયાતમંદો માટે થોડો સમય આપવો જીવનને વિશેષ અર્થ આપે છે.

૯. આધ્યાત્મિકતા અને આત્મચિંતન તરફ વળો. પ્રાર્થના, ધ્યાન, વાંચન, ભજન કે માત્ર થોડો સમય શાંતિથી પોતાની સાથે રહેવું, મનને સ્થિરતા આપે છે. હવે પ્રશ્ન ''મેં શું મેળવ્યું?'' કરતાં ''મેં શું આપ્યું?'' વધુ મહત્વનો બની શકે.

૧૦. તુલના છોડો અને સ્વીકાર શીખો.સમય બદલાય છે, શરીર બદલાય છે અને નવી પેઢીની વિચારસરણી પણ બદલાય છે. દરેક બાબતને પોતાની રીતે સ્વીકારવાની કળા શીખીએ. બીજાની સાથેની તુલના કરતાં ગઈકાલના પોતાના કરતાં આજે થોડા વધુ સારા બનવાનો પ્રયત્ન કરીએ.

૧૧. હસવાનું ભૂલશો નહીં! ઉંમર વધે તેમ દવાઓની સંખ્યા વધે તે જરૂરી નથી કે સ્મિતની સંખ્યા ઘટે! મિત્રો સાથે મળો, સંગીત સાંભળો, હળવી મજાક કરો, નૃત્ય કરો હૃદયને

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ – મંજલ રેલડીયા (મુલુંડ)

યુવાન રાખવાની આ પણ એક દવા છે.

૧૨. જીવનના અંત વિશે પણ શાંતિથી વિચારો. અંતિમ ઇચ્છાઓ, આરોગ્ય સંબંધિત નિર્ણયો અને જરૂરી વ્યવસ્થાઓ સમયસર સ્પષ્ટ રાખવાથી મન નિર્ભાર બને છે. મૃત્યુ વિશે વિચારવું નિરાશાવાદ નથી; તે જીવનને વધુ જાગૃતપણે જીવવાની યાદ અપાવે છે.

વૃદ્ધાવસ્થા જીવનનો અંત નથી; તે અનુભવ, સ્વતંત્રતા, શાંતિ અને આત્મસંતોષનો સુંદર સમય છે. ઉંમર વધવી કુદરતી છે,પરંતુ હૃદયથી જીવંત રહેવું એક કળા છે.

ચાલો, અંતિમ સફર આવે તે પહેલાં થોડો પ્રેમ વહેંચીએ, થોડી ક્ષમા માંગીએ, કોઈના ચહેરા પર સ્મિત લાવીએ,આપણા અનુભવોની સુગંધ પાછળ મૂકીએ,અને મનમાં શાંતિનો દીવો પ્રગટાવીએ.

કારણ કે જીવનસંધ્યા રાહ જોવાનો સમય નથી...

જીવનસંધ્યા તો જીવનનો સૌથી સુંદર ઉત્સવ બની શકે છે. ચાલો, તેને સાથે મળીને ઉજવીએ!

દિકરા-વહુથી ડરતા માતા-પિતા

આજના સમયમાં પચાસ વર્ષથી વધુ ઉંમરનાં કેટલાક માતા-પિતા પોતાના જ દિકરા-વહુથી ડરતા જોવા મળે છે. મનમાં સતત ભય રહે છે. કંઈ કહીશું તો દિકરો નારાજ થશે, વહુને ખરાબ લાગશે.

જે માતા-પિતાએ આખી જીંદગી સંતાનો માટે ત્યાગ કર્યો, તેમને વૃદ્ધાવસ્થામાં આવો ડર રહે એ ચિંતાજનક છે. આ પરિસ્થિતી માટે માત્ર દિકરા-વહુને જ જવાબદાર ઠેરવવા યોગ્ય નથી. પેઢી બદલાઈ છે વિચારો બદલાયા છે અને જીવનશૈલી પણ બદલાઈ છે. માતા-પિતાએ પણ નવી પેઢીની સ્વતંત્રતા અને વિચારો સમજવા જોઈએ. દરેક બાબતમાં દખલ કરવાને બદલે જરૂરી સમયે પ્રેમથી માર્ગદર્શન આપવું જોઈએ.

માતા-પિતા બોજ નથી. તેઓ પરિવારની ધરોહર છે. સાસુ-વહુ, માતા-દિકરા વચ્ચેનો સંબંધ અધિકારથી નહીં સમજણ અને સંવાદથી મજબુત બને છે. તેમને પૈસા કરતાં વધારે જરૂર છે પ્રેમ, હુંફ, માન-સન્માન અને પોતાના હોવાની લાગણીની, એજ પરિવારની સાચી ઓળખ છે.

માતા-પિતાની આંખોમાં સંતાનોનો ડર નહીં, ગર્વ હોવો જોઈએ અને સંતાનોની આંખોમાં માતા-પિતા પ્રત્યે માત્ર ફરજ નહીં, પ્રેમ અને આદર હોવો જોઈએ.

- રાયચંદ દેવશી જીવાણી-જખૌ (ડોંબિવલી)

મો.: ૮૭૭૯૮૭૫૧૦૯

It'sd Right Time...
For What? શેના માટે?

મુંબઈ બહાર વસતા જ્ઞાતિજનોની અનેક દશકો જૂની જરૂરિયાત છે, કે મુંબઈમાં આપણી જ્ઞાતિનું એક અતિથીગૃહ હોય. જેથી કરીને લગ્નપ્રસંગે અથવા તો બિમારીનો ઈલાજ કરાવવા મુંબઈ આવવાનું થાય, લાંબુ રોકાણ કરવાનું થાય, તો સુગમતા રહે.

But how it's Right Time?

તો, હમણા થોડા દિવસ પહેલા અમદાવાદ મહાજનની 'શેઠ રાયચંદ ધરમશી ભવન'ના લોકાર્પણની પત્રિકા જોઈ. કદાચ જ્ઞાતિ ઈતિહાસમાં પ્રથમવાર જ હશે કે જેમાં સ્થાનિકો સિવાયના જ્ઞાતિશ્રેષ્ઠીઓ તથા જ્ઞાતિ સંસ્થાઓનો ૭૫% થી વધારે આર્થિક સહયોગ હોય.

આનો સાદો મતલબ છે કે, અત્યારના સમયમાં જ્ઞાતિ શ્રેષ્ઠીઓ તથા જ્ઞાતિ સંસ્થાઓ ખૂબજ positively વર્તે છે. સાથે સાથે સમસ્ત મહાજન પણ સશક્ત છે. તેના Dynamic જનરલ સેક્રેટરી તથા મેનેજિંગ ટ્રસ્ટીશ્રીઓએ આ બીડું ઝડપી લેવું જોઈએ. જેથી કરીને જ્ઞાતિ ઈતિહાસમાં એક ઔર સુવણ પૃષ્ઠ ઉમેરાય.

તો સમસ્ત મહાજનની ટીમ તથા મુંબઈ મહાજન અને સર્વે જ્ઞાતિ મહાજનો-સંસ્થાઓ આના માટે કાર્યરત થાય તે ઈચ્છનીય છે.

- CA ચંદ્રેશ પદમશી છેડા

સુથરી (વડોદરા)

જૈન મૂલ્યોને મૂડીબજારમાં સ્થાન
BSE દ્વારા ભારતનો પ્રથમ 'સાત્વિક ૧૦૦ ઈન્ડેક્સ' લોન્ચ

વિશ્વમાં જૈનોની સંખ્યા અંદાજે ૬૩ લાખ જેટલી છે, જેમાંથી લગભગ ૬૦ લાખથી વધુ જૈનો ભારતમાં વસે છે. એટલે કે, ભારતની આશરે ૧૪૮ કરોડની વસ્તીમાં જૈનોનો હિસ્સો માત્ર ૦.૪૦ થી ૦.૪૫ ટકા જેટલો છે. પણ અનેક અભ્યાસો અનુસાર, ભારતમાં માથાદીઠ આવક, શહેરી વસવાટ, ઉચ્ચ શિક્ષણ, વ્યવસાયિક પ્રવૃત્તિ અને સંપત્તિની દૃષ્ટિએ જૈન સમાજ સૌથી સમૃદ્ધ સમુદાયોમાંનો એક છે. ભારતના મોટા ઉદ્યોગગૃહો, હીરા ઉદ્યોગ, ઝવેરી બજાર, કાપડ, ફાર્માસ્યુટિકલ્સ, નાણાંકીય સેવાઓ, વેપાર અને પરોપકારના ક્ષેત્રોમાં જૈન ઉદ્યોગસાહસિકોનું યોગદાન અસાધારણ રહ્યું છે. આર્થિક વિશ્લેષકો વારંવાર નોંધે છે કે, ભારતના કરવેરા, ઉદ્યોગ, વેપાર અને દાનક્ષેત્રમાં જૈન સમાજનું યોગદાન તેની વસ્તીના પ્રમાણ કરતાં અનેકગણું વધારે છે.

હવે જૈનોની આ ઝળહળતી કલગીમાં એક નવું સોનેરી પીછૂં ઉમેરાયું છે. ભારતીય મૂડીબજારના ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ અને ગૌરવપૂર્ણ ઘટનામાં બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) દ્વારા જૂન-૨૦૨૬માં 'BSE Satvik 100 Index લોન્ચ કરવામાં આવ્યો છે. આ ભારતનો પ્રથમ એવો ઇક્વિટી ઇન્ડેક્સ છે, જે માત્ર નાણાકીય પ્રદર્શનને જ નહીં, પરંતુ નૈતિકતા, અહિંસા અને સાત્વિક જીવનમૂલ્યોને પણ રોકાણના માપદંડ તરીકે સ્વીકારે છે.

આ ઇન્ડેકસ માટે BSE 500માં સમાવિષ્ટ કંપનીઓમાંથી વિશિષ્ટ 'સાત્વિક' માપદંડો અનુસાર ૧૦૦ કંપનીઓની પસંદગી કરવામાં આવે છે. દારૂ, માંસાહાર, પ્રાણીહિંસા, જુગાર તેમજ અન્ય અસાત્વિક વ્યવસાય સાથે સંકળાયેલી કંપનીઓને આ ઇન્ડેક્સમાં સ્થાન આપવામાં આવતું નથી. આ રીતે રોકાણકારોને પોતાના આર્થિક નિર્ણયો પોતાના નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો સાથે સુસંગત રાખવાની અનોખી તક પ્રાપ્ત થાય છે.



જૈન દર્શનના અહિંસા, સંયમ અને જવાબદાર જીવનશૈલીના સિદ્ધાંતો આજે વૈશ્વિક આર્થિક વ્યવસ્થામાં પણ પ્રાસંગિક બની રહ્યા છે, તેનું આ ઇન્ડેક્સ જીવંત ઉદાહરણ છે. અત્યાર સુધી રોકાણનો મુખ્ય આધાર નફો અને વિકાસ હતો; હવે તેમાં મૂલ્યનિષ્ઠા Value based Investing નું એક નવું પરિમાણ પણ ઉમેરાયું છે.

જોકે આ ઇન્ડેક્સ માત્ર જૈન સમાજ માટે રચાયેલો નથી, તેમ છતાં તેમાં સમાવિષ્ટ સાત્વિક માપદંડો જૈન ધર્મના અહિંસા અને કરુણાના સિદ્ધાંતો સાથે નોંધપાત્ર રીતે સુસંગત છે. તેથી જૈન સમાજ માટે આ પહેલ વિશેષ આનંદ અને ગૌરવની બાબત છે.

આ પહેલ એ સંદેશ આપે છે કે આજના યુગમાં માત્ર જીવન જ નહીં, રોકાણ પણ મૂલ્યનિષ્ઠ બની શકે છે. અર્થ અને આધ્યાત્મનો આ સુમેળ ભારતની નાણાકીય દુનિયામાં એક નવી દિશા સૂચવે છે.

મોકલનાર : શિલ્પાબેન અજાણી

વનિતા વિશ્વ

ચટ મંગની, પટ તોડની

- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345

E-mail : maltidharamsi@gmail.com

આજકાલ સગાઈ તોડવી એ ડાબા હાથની રમત વાત થઈ ગઈ છે. એક તો આપણી જ્ઞાતિમાં કન્યાઓ ઓછી છે. અને છોકરા ઘણા વધારે છે. છોકરીઓ વધુ ભણેલી છે. જો કે છોકરાઓ પણ ખૂબ ભણેલા ગણેલા હોય છે. બંને પક્ષ જોઈ - વિચારીને, મીટીંગો કરીને માંડ - માંડ હા પાડે છે અને પછી ફરવાનું શરૂ થઈ જાય છે. બહારગામની હશે તો કદાચ થોડું ઘણું ઓછું ફરવાનું થાય પણ મુંબઈને મુંબઈમાં હોય તો હરવા ફરવાનું બહુ વધી જાય. એમાં પણ હવે કુંવારે સાસરીયામાં રહેવાં, શોપિંગના નામે હોય કે ઘર દેખાણીના નામે, કન્યા રોકાઈ જાય છે. મારા હિસાબે ત્યાં જ રામાયણ શરૂ થાય છે. ઘરવાળા નોર્મલ રીતે પોતાના ઘરમાં વ્યવહાર કરતા હોય છે પણ કુંવારે સાસરે આવેલી કન્યાને કંઈક અજુગતું લાગે છે. ઘરે જઈને મા બાપને આ બધું કહી ને સગાઈ જ તોડી નાખવા માંગે છે.

હું કહેવા માગું છું કે દરેક ઘરના રીતરિવાજ અલગ હોય, રહેણી કરણી અલગ હોય છે. લગ્ન પછી જે ઘરે જવાનું છે એ લોકો સાથે એડજસ્ટમેન્ટ તો કરવું જ પડે. Life is Full of Adjustments & Compromises. તમે લગ્ન તો કરો પછી ધીરે-ધીરે બધું એડજસ્ટ થતું જાય. સામેવાળા પણ થોડું ઘણું એડજસ્ટમેન્ટ કરતા જ હોય છે. સાસરે આવ્યા પછી કોણ કેટલું એડજસ્ટ કરશે, નમશે એના પર આધારિત છે. અને જો કે બંને સમજુ હોય તો ગાડી જલ્દી પાટે ચડી જાય.

આપણે જન્મ્યા ત્યારથી એક સ્ત્રી, એક કન્યા તરીકે કેટલા બધા નિયમો લાગુ થતા હોય છે. મા બાપ જેમ કહે છે તેમ ચલાવીએ છીએ ને? ભાઈ બહેન સાથે પણ આપણે લડતા ઝઘડતા મોટા થતા જ હોઈએ છીએ ને? તો આવો મીઠો ઝઘડો હોય તો જ પ્રેમ પાંગરે ને? તો પછી સાસરિયાનો આટલો વિદ્રોહ કેમ?

એક તો મોબાઈલમાં આખો દિવસ ચેટીંગ કરવાનું જે વ્યસન છે અને ક્યારેક કોઈ કામના પ્રેશરના કારણે અથવા કોઈ અન્ય કારણે જવાબ દેવામાં મોડું થાય અથવા કંઈક આડો અવળો જવાબ અપાઈ જાય તો બસ થઈ રહ્યું.

હજી એક પ્રદૂષણ આપણી જ્ઞાતિમાં ઘૂસ્યું છે પ્રીવેડીંગ શુટ. એના માટે ક્યાં ક્યાં જવું અને કેટલી છૂટ આપવી કે લેવી એ પણ વિચારવા જેવી વાત છે. પછી બંને વચ્ચે એક અસંતુલન, એક ઘર્ષણ પેદા થાય. અને પછી સગાઈ તોડવાની વાત આવી જાય. પ્રકાશ સમીક્ષામાં હજી કો'ક ના સગપણના સમાચાર વાંચીએ, ખીર વધાઈ આપીએ; ત્યાંતો સગપણ છૂટા થયા કોલમમાં નામ આવી જાય.

આજકાલ આપણા જ્ઞાતિનો આ સૌથી મોટો સળગતો પ્રશ્ન છે. આનો કોઈ ઉપાય ખરો?

बारिश का पानी और कुछ यादें

बारिश के पानी की महकती मिट्टी में,
पुरानी यादों को तलाशने का मज़ा ही कुछ और है।
बारिश के पानी में कागज की नाव चलाने का
मजा ही कुछ और है।
बारिश के पानी के गड्ढे में कूदने का मज़ा ही कुछ और है।
बारिश के पानी में अपने प्रियजन के साथ
भीगने का मजा ही कुछ और है।
बारिश के पानी में बूंदों के साथ साथ
आँसुओं को पीने का मजा ही कुछ और है।
बारिश के पानी को खिड़की से निहारते हुए
गरम चाम की चुस्कियों का मजा ही कुछ और है।
बारिश के पानी के शोर में, अपने मन की शांति को
महसूस करने का मजा ही कुछ और है ।
बारिश के पानी के साथ, जिंदगी के बीते हुए पन्नों को
पलटने का मजा कुछ और ही होता है।।
क्यों ? सही कहा ना ?

– मालती हरीश धरमसी

मो. 98692 89345

મળવા જેવા માણસ

નવીનતાને કોઈ ઉંમર હોતી નથી

તિલકચંદ કે. લોડાયા-ચેન્નઈ
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646





કેટલાક માણસોને મળવું એટલે માત્ર એક વ્યક્તિને મળવું નહીં, પરંતુ એક જીવંત વિચારધારાને મળવું. શ્રી દિનેશભાઈ વાલજી ધરમશી-સુથરી (સાયન) એવા જ એક ખરેખર ''મળવા જેવા માણસ'' છે.

૯૦ વર્ષની ઉંમરે પણ તેમની જિજ્ઞાસા, સર્જનાત્મકતા અને કંઈક નવું કરવાની ધગશ યુવાન જેવી જ છે. Veermata Jijabai Technological Institute (VJTI)માંથી Electrical Engineeringનો અભ્યાસ કર્યા બાદ તેમણે ૨૧ વર્ષ સુધી સ્ટીલ બોલ બનાવતી સંસ્થામાં સેવા આપી. ત્યારબાદ તેમણે પોતાનો Stainless Steel Ballનો વ્યવસાય Dupond Industrial Corporation સ્થાપ્યો.

વ્યવસાય અને ટેકનિકલ જિજ્ઞાસાને કારણે તેમને United Kingdom, Germany, Iran, Turkiye, Russia, Japan, hailand, Kenya અને Singapore જેવા અનેક દેશોની મુલાકાત લેવાની તક મળી. આ વૈશ્વિક અનુભવોએ તેમની ટેકનિકલ દૃષ્ટિ, સમજ અને વિચારવિસ્તારને વધુ સમૃદ્ધ બનાવ્યા.

તેઓ American Society for Metals, India Chapterના Founder Member રહ્યા અને ત્રણ વર્ષ તેના Chairman તરીકે સેવા આપી. છેલ્લા ૪૫ વર્ષથી વધુ સમયથી તેઓ આ સંસ્થાને માનદ સેવા પણ આપી રહ્યા છે.

પરંતુ દિનેશભાઈની ઓળખ માત્ર એક Electrical Engineer કે સફળ ઉદ્યોગસાહસિક તરીકે સીમિત નથી. તેમની વિશેષતા એ છે કે વિચાર આવે એટલે તેને પ્રયોગમાં મૂકવો અને પ્રયોગ સફળ થાય એટલે તેનો લાભ સમાજ સુધી પહોંચાડવો.

કૃષિ અને પર્યાવરણ પ્રત્યેના તેમના ઊંડા રસમાંથી તેમણે વરસાદી પાણીના સંગ્રહ અને શુદ્ધિકરણની એવી પદ્ધતિઓ વિકસાવી છે, જેના દ્વારા ખારાશવાળા પાણીને પીવાલાયક પાણીમાં પરિવર્તિત કરી શકાય અને તેને ઊંડા કૂવા તથા બોરમાં સંગ્રહિત કરી શકાય.

ગ્રામ્ય વિસ્તારોને ધ્યાનમાં રાખીને તેમણે ઓછા ખર્ચે ઉપયોગી એવા પોર્ટેબલ બાયોગેસ પ્લાન્ટ વિકસાવ્યા. ઓછા પાણીમાં છોડના અંકુરણ માટેની પદ્ધતિઓ પર પ્રયોગો કર્યા. ગાયના છાણમાંથી પર્યાવરણમિત્ર રસોઈના બળતણના ટુકડા બનાવવાના પ્રયાસો પણ કર્યા.

અને હવે તેમનું તાજેતરનું સંશોધન વધુ નોંધપાત્ર છે પ્લાસ્ટિકના ભંગારમાંથી બળતણ બનાવવાની પ્રક્રિયા વિકસાવવી. કચ્છના સુથરી ખાતે તેનો પ્રાયોગિક પ્લાન્ટ પણ સ્થાપવામાં આવ્યો છે.

૯૦ વર્ષની ઉંમર સુધી પહોંચવું જ પોતાનામાં એક સિદ્ધિ છે. ઘણા લોકો આ વય સુધી પહોંચતા જ નથી; અને જે પહોંચે છે તેમાંના મોટાભાગના લોકો આરામ અને નિવૃત્તિનું જીવન પસંદ કરે છે. પરંતુ દિનેશભાઈ માટે ૯૦ માત્ર એક આંકડો છે. તેમની જિજ્ઞાસા, સર્જનશીલતા અને કાર્યશીલતા આજે પણ યુવાનોને શરમાવે તેવી છે.

તેમનું જીવન આપણને એક સુંદર સંદેશ આપે છે, ''ઉંમર શરીરની હોય છે; જિજ્ઞાસાની કોઈ ઉંમર હોતી નથી.''

તેમની કાર્યશાળા આજે પણ અનુભવ, કલ્પનાશક્તિ, વૈજ્ઞાનિક વિચારસરણી અને પ્રયોગશીલતાના અનોખા સંગમનું જીવંત ઉદાહરણ છે.

દિનેશભાઈનું જીવન માત્ર ''નવીનતાને કોઈ ઉંમર હોતી નથી'' એ વાતનું ઉદાહરણ નથી; તે આપણને એ પણ શીખવે છે કે જ્ઞાન ત્યારે જ સાચા અર્થમાં સાર્થક બને છે, જ્યારે તે સમાજના કામ આવે.

તેમની શાંત પ્રકૃતિ, હકારાત્મક અભિગમ, નિર્ણયશક્તિ, સહકારની ભાવના અને હંમેશા હસતા મુખે મળવાની તેમની સ્વાભાવિક ટેવ, આ બધું મળીને તેમને ખરેખર એક ''મળવા જેવા માણસ'' બનાવે છે.

જ્ઞાતિજનો માટે એમનો સંદેશ

''શ્રી તિલકભાઈ, તમોએ અમારા મનની વાત સમાજ સામે મૂકી દીધી. મારી દરેક પ્રવૃત્તિની સફળતા માટે મારા કુટુંબીજનો તથા તમારા જેવા મિત્રોનો ખાસ આભાર માનું છું. તેમના સાથ સહકાર વગર પ્રવૃત્તિ કરવાનું શક્ય ન હતું.''

''ખાસ તો સમાજના યુવાનોને જણાવવાનું કે ગ્રેજ્યુએટ થયા પછી તમારો નોકરી કે ધંધાની કુશળતાનો, અનુભવનો લાભ નિવૃત થયા પછી પણ સમાજને આપો. કોઈ પણ સામાજિક પ્રવૃત્તિમાં જોડાઈ જાવ. તમારું મગજ અને શરીર પ્રવૃતિમય રાખો તેનાથી તમાંરુ શરીર નિરોગી રહેશે તથા સમાજને પણ લાભ મળશે. દિનેશ વાલજી ધરમશી ફોન ૯૮૨૧૪૮૭૭૨૪''

દિનેશભાઈ, તમારી અવિરત જિજ્ઞાસા, સર્જનશીલતા, પ્રયોગશીલતા અને સમાજોપયોગી કાર્યભાવનાને હાર્દિક સલામ!

પ્રકાશ સમીક્ષા પરિવાર તરફથી તમને દીર્ઘ, સ્વસ્થ, સક્રિય અને અર્થપૂર્ણ જીવન માટે હાર્દિક શુભેચ્છાઓ.

***

આખી રાત જાગતી રહેતી પેઢી અને મૌન બની રહેલા માતા-પિતા...

વિચાર

સવારના એક કે બે વાગ્યા છે. ઘરની બધી લાઈટો બંધ છે. એક રૂમમાંથી ફક્ત થોડી ઝાંખી લાઈટ આવી રહી છે. માતા વચ્ચે જાગી ગઈ છે. તે ઉઠે છે, પાણી પીવે છે અને આકસ્મિક રીતે તેના દીકરા કે દીકરીના રૂમમાં ડોકિયું કરે છે. તેના હાથમાં મોબાઈલ ફોન છે. કાનમાં ઈયરફોન છે. સ્ક્રીન પર કંઈક વાગી રહ્યું છે. તે સમયનો ખ્યાલ ગુમાવી ચૂકી છે.

''તું હજુ સુધી સૂઈ નથી?'' માતાનો પ્રશ્ન. ''હા, ખરું ને... હું પાંચ મિનિટમાં સૂઈ જાઉં છું.'' આ પાંચ મિનિટ પછી એક કલાક બની જાય છે. તે બે કલાક બની જાય છે. અને અંતે રાત પૂરી થાય છે.

આજે ઘણા ઘરોમાં આ દ્રશ્ય દરરોજ બની રહ્યું છે.

સવારે દસ કે અગિયાર વાગ્યા સુધી સૂઈ જાઓ. જ્યારે તમે જાગો છો, ત્યારે તમારા હાથમાં ચા અને તમારો મોબાઈલ ફોન ફરીથી હોય છે. શરીર જાગતું હોય છે, પણ દિવસનો લય ખોવાઈ જાય છે.

આખી રાત જાગવું, સવારે મોડા સુધી જાગવું, બપોરના સમયે દિવસ શરૂ કરવો અને પછી મોડી રાત સુધી મોબાઇલ ફોન, લેપટોપ કે સ્ક્રીન સામે બેસી રહેવું એ ઘણા બાળકો માટે એક નિત્યક્રમ બની ગયો છે.

સમય બદલાયો છે, ટેકનોલોજી બદલાઈ ગઈ છે, જીવનશૈલી બદલાઈ ગઈ છે, આ બધું સ્વીકાર્ય છે. પરંતુ માનવ શરીરની જરૂરિયાતો બદલાઈ નથી. શરીરને આરામની જરૂર છે. મનને શાંત ઊંઘની જરૂર છે. આંખોને અંધારાની જરૂર છે. મગજને પુનર્જીવિત થવા માટે સમયની જરૂર છે.

પરંતુ આજની પેઢી પોતાના શરીર સાથે સ્પર્ધા કરી રહી છે. આજે, ઘણા બાળકો હવે સૂર્યોદય જોવા માટે ટેવાયેલા નથી. તેઓ પરોઢ શું છે, સવારનો આનંદ શું છે, પક્ષીઓનો કિલકિલાટ શું છે, તે અનુભવતા નથી.

આનું દુઃખ ફક્ત જૂની યાદો વિશે નથી. તે તેમના સ્વાસ્થ્ય, માનસિક સ્થિતિ અને ભવિષ્યની જીવનશૈલી સાથે સંબંધિત છે. પરંતુ આજની પેઢીએ રાતને દિવસ અને દિવસને રાત માનવાનું શરૂ કર્યું છે.

માતાપિતા તરીકે, આપણે આ બધું જોઈએ છીએ. શરૂઆતમાં, આપણે તેમને કહીએ છીએ. આપણે તેમને ખૂબ પ્રેમથી કહીએ છીએ. પછી આપણે તેમને સમજાવીએ છીએ. આપણે તેમને વારંવાર કહીએ છીએ. ક્યારેક આપણને ગુસ્સો આવે છે. ક્યારેક આપણે તેમને ભીખ માંગીએ છીએ. પણ આજકાલ, બાળકો પાસે પણ દરેક વસ્તુનો જવાબ હોય છે.

''આપણે જાણીએ છીએ.''

''ચિંતા કરશો નહીં.''

''દરેક વ્યક્તિ આવું કરે છે.''

આપણી પેઢીનું જીવન અલગ છે.''

આપણી પેઢીનું જીવન અલગ છે. કારણ કે તેઓ અનુભવથી જાણે છે કે જો તમે તમારા શરીર સાથે અન્યાય કરો છો, તો તમારે કોઈક સમયે તેની કિંમત ચૂકવવી પડશે.

પચીસ વર્ષની ઉંમરે, તમને કોઈ અસર થતી નથી. પરંતુ સતત અપૂરતી ઊંઘ, અસ્થિર દિનચર્યા, શારીરિક પ્રવૃત્તિનો અભાવ, વધુ પડતો સ્ક્રીન સમય અને માનસિક તાણના નાના બીજ અજાણતા વવાયેલા હોય છે. કાલે, એ જ બીજ એક વૃક્ષરૂપે ઉગી નીકળશે. ચીડિયાપણું વધે છે. એકાગ્રતા ઘટે છે. ઉત્સાહ ખોવાઈ જાય છે. સંબંધોમાં વાતચીત ઘટે છે. આત્મવિશ્વાસ નબળો પડે છે. અને સૌથી અગત્યનું, જીવનની સરળ બાબતોમાં આનંદ અદૃશ્ય થવા લાગે છે.

પરંતુ માતાપિતા માટે સૌથી પીડાદાયક બાબત એ છે કે તેઓ તેમના બાળકો સુધી પહોંચી શકતા નથી. દરેક પેઢીને લાગે છે કે તેમના માતાપિતા તેમને સમજી શકતા નથી. પછી એક સમય આવે છે જ્યારે એ જ બાળકો મોટા થઈને કહે છે,

''તમે કંઈ સમજી શકતા નથી.'' આ વાક્ય માતાપિતાને સૌથી વધુ દુઃખ પહોંચાડે છે. કારણ કે તેઓ જાણે છે કે તેમણે પોતાનું આખું જીવન તેમના બાળકોને સમજવામાં વિતાવ્યું છે.

માતાપિતા તેમના બાળકોના દુશ્મન નથી. પછી જ્યારે તેઓ તેમને આખી રાત જાગવાનું ન કહેવાનું કહે છે, ત્યારે તેમને નિયંત્રિત કરવાની કોઈ ઇચ્છા હોતી નથી. તેની પાછળ પ્રેમ હોય છે. સંભાળ હોય છે. અનુભવ હોય છે. અને એક નિઃસ્વાર્થ ભય હોય છે.

''તમારા બાળકને દુઃખ ન થવું જોઈએ.''

પરંતુ જ્યારે સતત સમજાવવા છતાં કંઈ બદલાતું નથી, ત્યારે માતાપિતા ધીમે ધીમે મૌન થવા લાગે છે. બાળકો વિચારે છે કે હવે તેઓ કોઈ વાંધો નથી. પરંતુ વાસ્તવમાં, તેઓ ખૂબ મહત્વ ધરાવે છે. તેઓ ફક્ત એ વાતનો અહેસાસ કરે છે કે શબ્દોની શક્તિ ખતમ થઈ ગઈ છે. હવે અનુભવ તેમને શીખવશે.

આ મૌન હાર નથી. તે એક પ્રકારની દુઃખદ સ્વીકૃતિ છે. તેથી જ મારી આજના બાળકો માટે વિનંતી છે.

એવું નથી કે તમારે તમારા માતાપિતા જે કહે છે તેની સાથે સંમત થવું પડશે. એવું નથી કે તમારે દરેક વાતમાં તેમની સાથે સંમત થવું પડે. તમારા પોતાના વિચારો રાખો. તમારા પોતાના નિર્ણયો લો. તમારી પોતાની રીતે તમારું જીવન જીવો. પરંતુ ક્યારેક તેમના શબ્દોમાં છુપાયેલા પ્રેમને સાંભળવાનો પ્રયાસ કરો.

કારણ કે જીવનમાં એક સમય એવો આવે છે જ્યારે તમે અચાનક તમારા માતાપિતાએ તમને કહેલી ઘણી બધી વાતોનો અર્થ સમજવાનું શરૂ કરો છો.

અને પછી તમારા હૃદયમાં ફક્ત એક જ અફસોસ રહે છે,

''જો તમે આ ત્યારે સમજી ગયા હોત તો કેટલું સારું થાત.''

મોકલનાર : કુમાર બાબુભાઈ દંડ-તેરા (ભાંડુપ)

કલા-કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ Sarees
Matunga (E)

Kasab-Zik Kasab-Pita-Butkasab
Chaniacholi-Sarees-Borders
Gharchola-Bandhni-Patola

Behind Arora Theatre, Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree (SUNDAY CLOSED)

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

શ્રી ક.દ.ઓ. જૈન શ્વે. મૂર્તિપુજક શ્રીસંઘ, પારોલા

પારોલા તીર્થમાં એક દિવસીય સાધર્મિક ભોજનશાળા સહાયતા નિધિ (ફંડ) અંતર્ગત આપનાં શુભ પ્રસંગે ''એક દિવસીય સાધર્મિક ભોજનશાળા સહાયતા નિધિ (ફંડ)''નો તિથિ લાભ માત્ર રૂા. ૧,૧૦૦/ નકરામાં લઈ શકો છો.

સંપર્કઃ શ્રી હરીશભાઈ લોડાયા-૮૬૬૮૯ ૭૬૬૫૬ શ્રી દિનેશભાઈ લોડાયા - ૯૮૨૩૦ ૭૮૩૫૫.

શ્રી ક.દ.ઓ. મહાજન-બેંગ્લોર

તા. ૨૬.૭.૨૬ના આષાઢી બીજની ઉજવણી કચ્છી ભવન-બેંગ્લોર ખાતે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મહિલા મંચ અને શાઈનિંગ સ્ટાર પાઠશાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી.

મહિલા મંચ દ્વારા રજૂ કરાયેલ 'રંગારંગ ફેશન શો' કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહ્યું. જેમાં ધ્વનિ રુષભ લોડાયા (પ્રમુખ), પૂજા જય ખોના (મંત્રી), સિમોની વિવેક શાહ (ખજાનચી), રાધા સોનાવાલા, દીપા સોનાવાલા, આરતી શાહ, વિરાજ સોનાવાલા, ડિમ્પલ લોડાયા, ખ્યાતિ ધરમશી, દીપ્તિ લોડાયા, નિર્મલા શાહ, લીના પટેલ, લીના નાગડા, સિદ્ધિ લાપસિયા, પૂજા શાહ, મંજુલા મોતા, કાજલ લુઠીયા, પ્રીતિ લાપસિયા, ઉષા શાહ અને મીનલ કુરૂવાએ ભાગ લીધો.

શાઈનિંગ સ્ટાર પાઠશાળાના વિદ્યાર્થીઓએ ''કચ્છની ઝાંખી'' નાટક દ્વારા કચ્છના ઈતિહાસ, સંસ્કૃતિ અને પરંપરાનું જીવંત નિરૂપણ કર્યું. PSCEB દર્શન ખોના, પૂર્વ ખોના, નીવ લોડાયા, મનિત લોડાયા, શૌર્ય કામદાર, ગનવી લોડાયા, ઋત્વી શાહ, વેદા લુઠિયા, માન્યા લોડાયા, અન્વિકા લોડાયા, પ્રણિત શાહ, પરિંદા શાહ, દર્શના ડાઘા અને હીના મૈશેરીએ અભિનય કર્યો.

કાર્યક્રમ દરમિયાન કચ્છી ભાષાને જીવંત રાખવાના હેતુથી ટંગ ટ્વીસ્ટ શબ્દમાં જવાબ, કચ્છ વિષયક પ્રશ્નોત્તરી તેમજ કચ્છી શબ્દોની રસપ્રદ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું.

શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર

મહાજનની વાર્ષિક આમસભા(એ.જી.એમ.) તા. ૧૫.૦૮.૨૦૨૬ના રાખવામાં આવેલ. શ્રી ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુરથી પધારેલ અતિથીઓ શ્રી જયંતભાઈ છેડા અને શ્રી વીરચંદભાઈ લોડાયાનું શાલ શ્રીફળથી બહુમાન કરવામાં આવેલ અને રાયપુરમાં શ્રી ભલારાદાદાનું પાઠ ભણાવેલ. શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા અને શ્રી તુષાર રાયચંદ લોડાયાનું પણ શાલ, શ્રીફળથી બહુમાન કરેલ.

શ્રી ચેતક જવેરચંદ લોડાયા (સાંયરા-રાયપુર) શ્રી અર્હમ ફાઉન્ડેશન, દેવલાલીના અધ્યક્ષ નિયુક્ત થયા તે બદલ શાલ અને શ્રીફળથી બહુમાન કરવામાં આવેલ. મહાજનના સહસચીવ શ્રી હિતેશ શરદભાઈ મોમાયાએ પધારેલ સર્વ જ્ઞાતિજનના અને અતિથીઓનો આભાર માનેલ.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

આરોગ્ય પ્રકાશ

આજકાલની લાઈફસ્ટાઈલ અને શરીરનું આંતરિક આરોગ્ય-૨

– **ડૉ. વીરચંદ લખમશી નાગડા,** M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**

રાતના ૧૦ વાગ્યાથી લોહીમાં 'મેલાટોનીન' નામનો હાર્મોન, પીનીઅલ ગ્લેન્ડ જે મગજના મધ્ય ભાગમાં હોય છે તેમાંથી ઝરવાનું શરૂ થાય છે. જેટલું સુવાના રૂમમાં અંધારું એટલું મેલાટોનીન હોર્મોન વધુ ઝરે. બ્રાઈટ લાઈટ ખાસ કરીને બ્લુય લાઈટમાં આ હાર્મોન ઝરવાનું બંધ થાય છે તેથી જ સુતી વખતે આંખો પર રૂમાલ કે નેપકીન રાખો, ગરમીના દિવસોમાં આ નેપકીનને ભીનો કરવાથી આંખોને અંધારા સાથે ઠંડક પણ મળશે. આ હોર્મોન ગાઢ અને શાંત ઉંઘ આપે છે. બદામ, અખરોટ, પિસ્તા, ચેરી, કોઈપણ મિલાવટ વગરના ઓટ્સ અને દૂધ વગેરેમાંથી આ હોર્મોન મળી રહે. (દૂધમાં ટ્રોપ્ટોફેમ પણ હોય છે તે પણ ઉંઘ માટે ફાયદાકારી છે). સૂવાના એક-બે કલાક પહેલા મોબાઈલ, લેપટોપ જોવાનું બંધ કરો. એવી સીરીયલો ન જુઓ જેથી મન અશાંત થાય અને ઉંઘમાં ખલેલ પડે. હળવું સંગીત, જુના હિંદી ગીતો, ભક્તિ સંગીત કે વાંસળી જેવું મધુર સંગીત ઉંઘ લાવવામાં મદદ કરશે. સવાસન કરી શ્વાસોચ્છવાસ પર ધ્યાન કેન્દ્રીત કરી પગના પંજાથી લઈ મસ્તક સુધી રીલેક્શ થવાનો હુકમ આપો અર્થાત્ સર્વ સ્નાયુઓને ઢીલા કરો. મન બીજા વિચારોમાં ન રહે તેમ નવકાર કે પ્રાર્થના, મંત્રનો જાપ કરો, જેથી મન શાંત થતાં ઉંઘ આવશે. શરીરનું મહત્ત્વનું અંગ લીવર જે પાચન કરે; દિવસ દરમ્યાન ખોરાક દ્વારા શરીરમાં આવેલ કેમિકલ્સ, પ્રીઝરવેટીવ્સ,. શારીરિક તકલીફ માટે દવા લીધી હોય તેને તારવી, એના ટુકડા કરી શરીરને ઓછામાં ઓછું નુકશાન કરે એવા બનાવી કીડની દ્વારા શરીરની બહાર કાઢવા ઉપરાંત આશરે ૫૦૦ જેટલા મહત્ત્વના કામ કરે છે. રાતના ૧૧ થી ૨ ના સમય દરમ્યાન લીવર પોતાને રીપેર કરે છે અને બીજા દિવસે ફરી કાર્યરત થવા તૈયાર થાય છે. એટલે જ જેટલા આપણે મોડા ઉંઘીશું એટલો લીવરને પોતાને રીપેર કરવાનો સમય ઓછો મળશે અને બીજા દિવસે એના કાર્યો બરાબર નહીં કરી શકે.

વ્યસનોની આરોગ્ય પર અસર : કોઈપણ વ્યસન હોય તો એની શારીરિક અને માનસિક એમ બે પ્રકારની અસર થાય છે. **(૧) શારીરિક અસર :** અ) સિગારેટ, બીડી, તમાકુ ફેફસા ખરાબ કરે, દમ, ખાંસી, કફ, બ્રોંકાઈટીસ વગેરે તકલીફો થાય છે તે ઉપરાંત સિગરેટ બીડીના ધુમાડા નજદીક રહેનાર અન્ય વ્યક્તિઓના શ્વાસમાં જઈ તેમનું પણ આરોગ્ય બગાડે છે. (જેને passive or 2nd hand smoking કહે છે). નાના બાળકો ખાસ કરીને ૧ વર્ષથી અંદરના બાળકને શ્વાસમાં ગયેલ ધુમાડો ગંભીર નુકશાન કરે છે. સગર્ભા સ્ત્રીના પેટમાં રહેલ બાળકને નુકશાન કરે છે. બ) તમાકુ, દારૂના સેવનથી મોં, ગળા, ફેફસાનું કેન્સર થાય છે. ક) લોહીનું દબાણ (બીપી) વધે જે હૃદય માટે જોખમી ડ) લીવર નબળું પડે, પેટના રોગો થાય.

(૨) માનસિક અસર : અ) ડિપ્રેશન, ચિંતા લાગુ પડે, મગજની શક્તિ ઘટે, માનસિક તાણ વધે બ) યાદશક્તિ ઓછી થાય, વિચારવાની શક્તિ નબળી પડે. એકાગ્રતા ન જળવાય. ક) ગુસ્સો અને ચીડીયાપણું થાય, સ્વભાવ બદલાય.

ખરાબ આદતો : ૧) મોડી રાત સુધી જાગવાની ટેવ : મોડા સુવાથી શારીરિક અને માનસિક આરોગ્ય પર અસર થાય છે. મોડે સુધી જાગ્યાથી લીવરને રીપેર થવા માટે સમય ઓછો મળે છે તેથી લીવરના કાર્યમાં વિક્ષેપ પડે છે. પરિણામે ડાયાબિટીઝ, જાડાપણું જેવી સમસ્યા થાય છે. મોડે સુધી જાગવાથી સવારે સમયસર ઉઠવું જ પડે. પરિણામે ઉંઘ ઓછી થાય પરિણામે શરીર સુસ્ત, થાકેલું અને અશક્તિ રહે છે. ચિંતા-સ્ટ્રેસ વધે છે.

૨) રાતના મોડેથી જમવું : મોડેથી રાતનું ભોજન લીધા પછી મોટે ભાગે બેસીને ટીવી જોવાય અને હલનચલન

થાય નહિં અને થોડા સમયમાં જ સૂઈ જવાય તે કારણે ખોરાક પચે નહીં, તેના લીધે જાડાપણું અને બીજી બિમારીઓ આવી શકે.

૩) ચાલવું કે કસરત ન કરવી : કામકાજ અર્થે વાહન વધુ વપરાય છે. ચાલવાનું ખાસ બનતું જ નથી. કસરત, યોગાસન કરવાની કોઈને આદત નથી કે તેનું મહત્ત્વ ન સમજાતા કસરત-યોગાસન કરતા નથી. નોકરી-ધંધાર્થે બેસવાનું વધુ થાય છે. બેઠાડુ જીવન ઘણી બિમારીઓ આપે છે.

૪) પૌષ્ટીક ખોરાક ન લેવો : વજન ઘટાડવા ઓછું ખાય જેથી અપોષણ, અશક્તિ વિટામીન્સ, મિનરલ્સની ઉણપ થાય છે.

૫) ફળો શાકભાજી ન ખાવા : રોજીંદા આહારમાં ફળ-શાકભાજીને પ્રાધાન્ય અપાતું નથી. જમણની અડધી થાળી ફળ-શાકથી ભરેલી હોવી જોઈએ, તેમ ખવાતું નથી. વિટામીન્સ મિનરલ્સ ફાયબર પૂરતા પ્રમાણમાં મળે નહીં.

૬) વધુ પડતું ગળ્યું ખાવું : આનાથી ડાયાબિટીઝ, જાડાપણું, ઓસ્ટીઓપોરોસીસ વગેરે થઈ શકે.

૭) ફાસ્ટ ફૂડ, જંક ફૂડ, બજારુ ખાદ્ય ખાવા : રિફાઈન્ડ તેલ કે પામોલીનમાં બનાવેલ ખાદ્ય, સાકર-મીઠાનો અતિરેક, કેમિકલ્સ, પ્રીઝરવેટીવ હોવાને લીધે આરોગ્યની ઘણી સમસ્યા ઉત્પન્ન થાય છે.

૮) ઉંધા સૂવું કે ચાદરથી મોઢું ઢાંકીને સૂવું : ઉંધા સુવાથી ફેફસા દબાય એટલે પૂરો શ્વાસ ન લેવાય તેથી શરીરને ઓક્સિજન ઓછું મળે. ચાદરથી મોઢું ઢાંકીને સુવાથી કાર્બન ડાયોક્સાઈડવાળી ઉચ્છવાસમાં કાઢેલી હવા ચાદરમાં જ રહે તેજ પાછી શ્વાસમાં જઈ નુકશાન કરે.

મનની શરીર પર ખૂબ ગાઢ અને ગંભીર અસર થાય છે. ગુસ્સો, નાની-નાની વાતમાં ચીડાવું, અદેખાઈ, ઈર્ષ્યા, કુથલી, વધુ પડતું સ્વાર્થીપણું, અસંતોષ જેવા મનના નેગેટીવ પરિબળો આરોગ્ય બગાડે છે. વધુ પડતી ચિંતા, ટેન્શન બ્લડ પ્રેશરમાં વધારો કે ઘટાડો કરી શકે, ડાયાબિટીઝ લાગુ પડી શકે, કોર્ટીસોલ, એડ્રિનલીન શરીરમાં વધુ ઝરે જે આરોગ્ય બગાડે. અયોગ્ય ખાનપાન, બેઠાડુ જીવન (કસરત, યોગાસન અને ચાલવાનો અઅભાવ), વ્યસન, ખરાબ આદતો સાથે મનના આ નેગેટીવ પરિબળો ભેગા થઈ શરીરમાં ટોટલ કોલેસ્ટ્રોલ તથા ખરાબ કોલેસ્ટ્રોલ (LDL) વધારે અને સારા કોલેસ્ટ્રોલ (HDL) ને ઘટાડે જે હૃદયની મુખ્ય ત્રણ ધમનીમાં ખપલી (Plaque) રૂપે જમા થાય છે, ધીરેધીરે એની ઉપર વધુને વધુ કોલેસ્ટ્રોલ જમા થઈ ગઠ્ઠો (Clot) તૈયાર થાય છે જેને ૭૦% થી વધુ હોય તો છાતીમાં દુઃખાવો (Angina) શરૂ થાય છે. સમયસર ધ્યાન ન અપાય કે ઈલાજ ન કરાય તો હાર્ટએટેક આવે છે. હૃદયના સ્નાયુઓને લોહી જે ઓક્સિજન અને પોષણ આપે છે તે ન મળતાં એટલો ભાગ કામ કરતો બંધ થાય છે. જો મુખ્ય ૩ ધમનીઓમાં ક્લોટ થાય તો એ ઘાતક પણ નીવડી શકે. આજકાલ આ ખરાબ લાઈફ સ્ટાઈલને લીધે ઘણાને અચાનક ધમનીઓમાં ક્લોટ થઈ ઘાતક પુરવાર થાય છે.

આમ આપણે જોયું કે આજકાલની લાઈફ સ્ટાઈલને લીધે જાણે અજાણે આરોગ્યને ખૂબ નુકશાન થાય છે. લાઈફ સ્ટાઈલમાં ધરમૂળથી ફેરફાર કરી શરીરમાં થતા આંતરિક ફેરફારથી બચીએ અને નિરોગી રહીએ.

નમ્ર નિવેદન :

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

। પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી । સાચી જરીની સાડીઓ બોર્ડર । જુના સાચા ઘરચોળા । કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

શ્રી મહાવીર એમ્બ્રોયડરી

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલ્લીની સામે,
માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૯૫૧૦ સોમવારે બંધ

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

સાંસ્કૃતિક વારસો

આપણો સાંસ્કૃતિક વારસો

પખાવાજ ભાગ ૬



સં. રમેશ મુલજી લોડાયા - ભરૂડીયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭

પખાવાજને જીવંત રાખવા થયેલા પ્રયાસો

સમયના પ્રવાહ સાથે સમાજ, જીવનશૈલી અને પરંપરાઓમાં સતત પરિવર્તન આવતું રહે છે. કેટલીક પરંપરાઓ સમય સાથે વિકસે છે, જ્યારે કેટલીક ધીમે ધીમે વિસ્મૃતિના આરે પહોંચી જાય છે. કચ્છી દશા ઓશવાલ સમાજની ભક્તિ-સંગીત પરંપરામાં પખાવાજનું સ્થાન અનોખું રહ્યું છે. અનેક ઉતાર-ચઢાવ છતાં સમાજના જાગૃત આગેવાનો, કલાકારો, સાહિત્યપ્રેમીઓ અને દાતાશ્રીઓના અવિરત પ્રયાસોથી આ પરંપરા આજે પણ જીવંત છે.

આર્થિક પરિવર્તનને કારણે જ્ઞાતિનું કચ્છના ગામડાંઓમાંથી અન્યત્ર સ્થળાંતર વધ્યું. કપાસના વેપાર સાથે જોડાયેલા ઘણા જ્ઞાતિજનો પહેલાં વાવણી પછીના મહિનાઓ ગામડે રહી પરિવાર સાથે સમય વિતાવતા અને દરરોજ પખાવાજની બેઠકો યોજાતી. પરંતુ વ્યવસાય બદલાતા તેમનું નિયમિત વતન આવવાનું ઘટ્યું અને ગામડાંઓમાં પખાવાજની રાતો ધીમે ધીમે ઓસરતી ગઈ. બીજી તરફ સમાજનો મોટો વસવાટ મુંબઈમાં થતાં પખાવાજની પરંપરાએ ત્યાં નવું કેન્દ્ર મેળવ્યું.

કચ્છમાંથી મુંબઈ સુધી પખાવાજની યાત્રા

વ્યાપાર અને રોજગાર માટે મુંબઈ સ્થાયી થયેલા જ્ઞાતિજનો પોતાની સાથે ધાર્મિક સંસ્કારો અને પખાવાજની ભક્તિમય પરંપરા પણ લઈ આવ્યા. સને ૧૮૩૪માં દેરાસરની સ્થાપના પછી પૂજા, જાગરણ, વરઘોડા અને વિવિધ ધાર્મિક પ્રસંગોએ પખાવાજનું નિયમિત આયોજન થવા લાગ્યું.

મુંબઈમાં સમાજની વધતી પ્રવૃત્તિઓને સંગઠિત સ્વરૂપ આપવા સને ૧૮૯૨માં મુંબઈ પખાવાજ મંડળ રચાયું. ખીમજી માસ્તર જેવા સંગીત પ્રેમીએ રાગ-રાગિણી સાથે પૂજાઓ ભણાવવાની સુંદર પરંપરા વિકસાવી. પખાવાજનું શિક્ષણ, ભક્તિગાન અને નવી પેઢીને તાલીમ આપવાના પ્રયત્નોથી મુંબઈ પખાવાજનું મહત્વનું કેન્દ્ર બન્યું. તે સમયગાળામાં જ્ઞાતિના મોટાભાગના પરિવારો માંડવી વિસ્તારમાં વસતા હોવાથી દેરાસર સતત પખાવાજના નાદથી ગુંજતું રહેતું. મુંબઈ ઉપરાંત ગદગ, હુબલી, પારોલા (ખાનદેશ) અને નાંદેડ જેવા સ્થળોએ પણ જ્ઞાતિજનો દ્વારા આ પરંપરાની જ્યોત પ્રગટતી રહી.

સમયનો પ્રવાહ અને પખાવાજમાં આવેલી ઓટ

૧૪ એપ્રિલ ૧૯૪૪ના મુંબઈ ડોક વિસ્ફોટ પછી સમાજના અનેક પરિવારો માંડવી અને મસ્જિદ બંદર વિસ્તાર છોડીને અન્યત્ર વસ્યા. સમાજનું એકત્રીકરણ ઓછું થતાં મુંબઈ પખાવાજ મંડળની પ્રવૃત્તિઓ પણ ધીમે ધીમે ઘટી ગઈ. તેમ છતાં કેટલાક સમર્પિત પખાવાજ પ્રેમીઓએ આ પરંપરાનો દીવો ક્યારેય બુઝાવા દીધો નહીં.

કવિ 'તેજ' દ્વારા વ્યાપક ઓળખ

કચ્છના વિરલ કવિ શ્રી તેજપાલ ધારસી નાગડા 'તેજ' પખાવાજના અનન્ય ઉપાસક હતા. તેઓ પ્રેમથી પખાવાજને 'સખાવાજ' કહેતા. પખાવાજ જેવી ઉચ્ચ કક્ષાની ભક્તિ-સંગીત પરંપરાથી સમગ્ર જૈન સમાજ પરિચિત બને તે માટે તેમણે આકાશવાણી ભૂજના નિયામક શ્રી જયંતી જોષી 'શબાબ' સાથે સંપર્ક સાધ્યો. નલિયા ખાતે આસપાસના ગામોના પખાવાજ નિષ્ણાતોને એકત્ર કરી કાર્યક્રમનું રેકોર્ડિંગ કરાવવામાં આવ્યું અને આકાશવાણી ભૂજ પરથી તેનું પ્રસારણ થયું. આ માત્ર એક પ્રસારણ નહોતું; પખાવાજને ગામડાંની સીમા બહાર લાવી સમગ્ર જૈન સમાજ સમક્ષ રજૂ કરવાનો આ પ્રથમ સફળ પ્રયાસ હતો. પખાવાજના પ્રસારના ઈતિહાસમાં કવિ 'તેજ'નું આ યોગદાન સદાય સ્મરણીય રહેશે.

પાલિતાણા મહોત્સવ : પખાવાજના પુનર્જાગરણનો ઐતિહાસિક પ્રારંભ

સમય જતાં જાહેર ધાર્મિક પ્રસંગોમાં પખાવાજનું સ્થાન ધીમે ધીમે ઘટતું ગયું. એવા સમયે માતુશ્રી તારાબાઈ

માણેકજી મોતા પરિવાર દ્વારા આયોજિત પાલિતાણાના ઐતિહાસિક મહોત્સવે પખાવાજના પુનર્જાગરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

તા. ૧૯ થી ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૨ દરમિયાન સિદ્ધાચલ શિખર સ્થિત છીપા વસહી ટૂંકમાં શ્રી અજિતનાથ ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાનની પુનઃપ્રતિષ્ઠા નિમિત્તે નવ દિવસીય ભવ્ય મહોત્સવ યોજાયો. આ માત્ર ધાર્મિક કાર્યક્રમ નહોતો, પરંતુ જિનભક્તિ, દાતાશાહી, સંસ્કૃતિ અને જ્ઞાતિના ગૌરવનો વિરાટ ઉત્સવ હતો.

આ આયોજનની ભવ્યતાએ કચ્છી દશા ઓશવાલ સમાજના મહાન દાતાશ્રીઓ શેઠશ્રી નરસી નાથા અને શેઠશ્રી કેશવજી નાયકના સુવર્ણ યુગનું સ્મરણ કરાવ્યું. અઢાર અભિષેક, લાખો પુષ્પોથી પ્રભુભક્તિ, હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા, હજારો દીવાઓની દિવ્ય શોભા, આગમોની ડોલીઓ અને દીક્ષા વરઘોડા જેવા અનેક કાર્યક્રમોએ સમગ્ર પાલિતાણાને ભક્તિમય બનાવી દીધું.

તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ નીકળેલી આશરે ત્રણ કિલોમીટર લાંબી રજવાડી પ્રભુયાત્રા સમગ્ર મહોત્સવનું મુખ્ય આકર્ષણ હતી. હાથી, ઊંટ, અશ્વદળ, ચાંદીના રથો, ભારતના વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક ઝાંખીઓ, કેરળના પંચવાદ્યમ્, આર્મી, નેવી અને એરફોર્સના વિશેષ બેન્ડો, શ્રુતપાલખીઓ તથા અનેક સંગીતમંડળીઓ વચ્ચે કચ્છી દશા ઓશવાલ સમાજની અસ્મિતા સમાન પખાવાજને વિશેષ સ્થાન આપવામાં આવ્યું.

ભાંડુપ અનંત મિત્ર મંડળની પખાવાજ મંડળીને દાદાના શત્રુંજય કલ્યાણ રથની અગ્રપંક્તિમાં સ્થાન આપી સમગ્ર જૈન સમાજ સમક્ષ કચ્છી દશા ઓશવાલ સમાજની આ આગવી ભક્તિ-સાંસ્કૃતિક પરંપરાનો ગૌરવપૂર્ણ પરિચય કરાવવામાં આવ્યો. આધુનિક બેન્ડો અને અન્ય આકર્ષણોની વચ્ચે પખાવાજને મળેલું આ શિરમોર સ્થાન સમગ્ર પખાવાજપ્રેમી સમાજ માટે ગૌરવની ક્ષણ બની.

આ પ્રસંગે શ્રેષ્ઠી શ્રી હિતેશભાઈ મોતા પોતે રથમાંથી ઉતરી પખાવાજ મંડળીમાં જોડાયા, ઝાંઝપખા વગાડ્યા અને ભક્તિભાવથી સહભાગી બન્યા. નવી પેઢી દ્વારા પોતાની પરંપરાનો આ સ્વીકાર પખાવાજના પુનર્જાગરણનું જીવંત પ્રતીક બની રહ્યો.

માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવારે પખાવાજને માત્ર મંચ આપ્યો નહીં, પરંતુ સમગ્ર જૈન સમાજ સમક્ષ તેને ગૌરવપૂર્ણ સ્થાન અપાવી કચ્છી દશા ઓશવાલ સમાજની આગવી સાંસ્કૃતિક ઓળખને ઉજાગર કરી. આ મહોત્સવ પખાવાજના ઇતિહાસમાં એક સીમાચિહ્નરૂપ ઘટના બની રહ્યો.

આ પરિવારનું યોગદાન માત્ર આ એક પ્રસંગ પૂરતું મર્યાદિત નથી. ઈ.સ. ૨૦૧૦માં પાલિતાણામાં ૩૪ દીક્ષાર્થીઓના ભવ્ય વરઘોડાનું આયોજન, ૨૦૧૨ના ચાતુર્માસ તથા ઉપધાન તપમાં આશરે ૧૩૫૦ આરાધકોને સાધનાનો લાભ અને અન્ય ધાર્મિક આયોજનો દ્વારા તેમણે જિનશાસનની સેવા સતત આગળ ધપાવી છે. આ સેવાભાવ બદલ શ્રી હિતેશભાઈ માણેકજી મોતા 'પરમેષ્ઠી રત્ન' સન્માનથી પણ નવાજાયા.

પાલિતાણાનો આ મહોત્સવ માત્ર એક ભવ્ય ધાર્મિક પ્રસંગ નહોતો; તે પખાવાજને ફરી સમાજના કેન્દ્રસ્થાને લાવી સમગ્ર જૈન સમાજ સમક્ષ કચ્છી દશા ઓશવાલ સમાજની ભક્તિ-સંગીત પરંપરાનો ગૌરવપૂર્ણ પરિચય કરાવતો ઐતિહાસિક પ્રસંગ હતો.

પખાવાજની આ પરંપરા કોઈ એક વ્યક્તિ કે એક જ્ઞાતિની મિલકત નહોતી; તે સમગ્ર કચ્છની સંયુક્ત સાંસ્કૃતિક સંપત્તિ હતી. આ પરંપરામાં કચ્છના ગામડાંઓથી લઈને મુંબઈ અને દેશાવરમાં વસીને પખાવાજને જીવંત રાખનાર અનેક નામો આજે પણ આદરપૂર્વક યાદ કરવામાં આવે છે. આવા કલાકારોની થોડી યાદી અગાઉ આપી છે. હજુ થોડા રહી ગયેલા કલાકારોને યાદ કરીએ.

સુથરીઃ પદમસી કાનજી ઉડિયા, લાલજી નરસી ખોના , લીલાધર નરસી ખોના, ઉમરસી ઘેલાભાઈ છેડા, લક્ષ્મીચંદ ઘેલાભાઈ છેડા, કુંવરજી ખીમજી દંડ, વેલજી પદમસી સાયલા, લહેરચંદ કુંવરજી ખોના, ધનજી ચાંપસી હેફા, પદમસી વેલજી ધરમસી, લહેરચંદ વેલજી ધરમસી, લક્ષ્મીચંદ રતનસી મંજલિયા, કુંવરજી જેઠાભાઇ ખોના, શામજી મુલજી ખોના, સુરેશ વેલજી પટેલ.

(ક્રમશઃ)

વતનના વર્તમાન

સંકલન : કેસરસિંહ ખોના

ભુજનું દૂધેશ્વર બિહારીલાલ શિવાલય

લગભગ ચારસો વર્ષ પૂર્વે, મહાદેવ નાકા બહારના છતરડી તળાવમાં સ્વયંભૂ શિવલીંગ આ મંદિરના મૂળમાં છે.

એ કાળે નિરંતર ભ્રમણશીલ બિહારી નાગા બાવાઓના સંઘને દર્શન થતા આ મંદિર બિહારીલાલ મહાદેવ મંદિરના નામે જાણીતું છે. બીજી એક માન્યતા પ્રમાણે એક ગાય આ શિવલીંગ પર દૂધ ધારા અભિષેક કરતી હતી. એથી આ મંદિર દૂધેશ્વર મહાદેવના નામે પણ જાણીતા છે. સિત્તેરના દાયકામાં અયોધ્યાના હનુમાન ગઢીના ખાખી અખાડાના રામદાસજી મહારાજ મૌની બાપુ મહંત સ્થાને બિરાજમાન થયા. એમણે અહીં વિશાળ ગૌશાળા, યજ્ઞશાળા અને સરસ્વતી દેવીના મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. અનવરત દીપમાળા, ભંડારા અને આપત્તિમાં આપદાગ્રસ્તોને ભોજન, આશ્રય અને કારગિલ યુદ્ધના સૈનિકોને સહાય જેવા કાર્યો હાથ ધરી તેમણે ખરેખર સંન્યાસી ધર્મને દીપાવ્યું હતું.

નાના લાયજા પોર્ટ પ્રોજેક્ટ

ગુજરાત સરકારે નાના લાયજા (તા. માંડવી) સહિત કુલ છ નવા ગીન ફીલ્ડ પોર્ટસના નિર્માણની યોજના હાથ ધરી છે જે માટે રાજ્ય સરકારો કુલ રૂા. ૧૨૩૨૦ કરોડનો અંદાજ મૂક્યો છે. આ પોર્ટસના નિર્માણ વિકાસ માટે ગુજરાત મેરી ટાઈમ બોર્ડના બિલ્ડ, ઓપરેટ, ટ્રાન્સફર આધારિત બિડ માટે રસ ધરાવતા વૈશ્વિક બિડરોને આમંત્રિત કર્યા છે. જે કંપનીઓનું છેલ્લા ત્રણ વરસનું સરેરાશ ૫૦૦ કરોડનું વેલ્યુએશન હોય તેવી રૂા. ૧૦૦૦ કરોડના વાર્ષિક ટર્ન ઓવર ધરાવતી કંપનીઓ જ બિડમાં ભાગ લઈ શકશે.

સુખપરના નાગથડા ડુંગરે વિકસેલી હરિયાળી

લેવા પટેલોની મુખ્ય વસતી ધરાવતા સુખપરના યુવાનો વૃક્ષ સૃષ્ટિના તારણહાર બન્યા છે. તાજેતરમાં ગામ નજીકના નાગથડા ડુંગર અને આસપાસના વિસ્તારમાં વૃક્ષઉછેરનું બીડું ઝડપી લીધું છે. નાગથડા ડુંગર પર હાલ દેશી વનસ્પતિનું રોપણ કર્યું છે. જેસીબી અને હિટાચીના સાધનો વાપરી, ગાંડા બાવળથી મુક્ત કરી જમીનને કાંપ અને છાણીયું ખાતરથી સમૃદ્ધ કરી ફળાઉ વૃક્ષોનું વાવેતર કર્યું છે. ડુંગર પરની મહત્ત્વની છતરડી પર દર્શન માટે જતા લોકો માટે પગથિયા બનાવાયા છે. જ્યારે હવે આફ્રિકા સ્થિત એક દાતા પરિવાર દ્વારા છતરડી પર જવા પાકો કોન્ક્રીટ રોડ બનાવી દેવાયો છે.

સંલગ્ન તળાવની સંગ્રહ ક્ષમતા વધારી દેવાઈ છે. ધીરેધીરે આ ડુંગરના ધાર્મિક સ્થળનું તીર્થ અને પર્યટન કેન્દ્રમાં રૂપાંતરણ થઈ રહ્યું છે.

નલીયાનું આશાપુરા મંદિર

નલીયા ગામના મધ્યમાં આશાપુરા માતાજીનું એક પ્રાચીન દેવાલય છે. એની સાથે હાટકેશ્વર અને ભીડ ભંજન મહાદેવ મંદિર પણ આવેલા છે. આ ભીડબંજન મહાદેવની જસતની ત્રણ ફૂટ ઊંચી અને બે ફુટ પહોળી પ્રતિમા છે. એની વિશેષતા એ છે કે શિવજીની પ્રતિમા પ્રસન્ન મુદ્રામાં છે. સુખાસન પ્રતિષ્ઠિત આ મૂર્તિ જેવી ભગવાન શિવની કચ્છ સહિત ગુજરાતમાં ક્યાંય આ પ્રકારની શિવપ્રતિમા જોવા નથી મળી.

માંડવીના કલ્યાણેશ્વર મહાદેવ

માંડવી (મડઈ)ની ખીલી સ્થાપના સાથે નિર્માણ પામેલું કલ્યાણેશ્વર મહાદેવ ટેમ્પલ લગભગ ૪૫૦ વર્ષ પૂર્વે જાડેજા રાજ્યવંશના સ્થાપક પ્રથમ ખેંગારજી બાવાના સમયનું સ્મૃતિચિહ્ન છે.

એ સમયે દરિયો રાયણ ગામ સુધી હિલોળા લેતો ત્યારનું આ મંદિર માંડવીના શાહ સોદાગર ટોપણશેઠે બંધાવેલું. આ મંદિર ઉપરાંત ૮૪ વાવટાવાળા બંદરીય નગર માંડવીમાં કુલ ૧૦૦ જેટલા શિવાલય અસ્તિત્વ ધરાવે છે.

ખેંગારજી પ્રથમની ઉપસ્થિતિમાં નિર્મિત આ શિવાલય ભક્તોના ૮૦ હજાર કોરીના ખર્ચે જિર્ણોધ્ધાર પામેલું ટોપણસર તળાવ પણ ટોપણશેઠે નિર્માણ કરાવ્યું હતું, એમ

નોંધ લેવાયેલ છે.

(નોંધ : ખીલી સ્થાપના એટલે નગરનો પાયો નાખતી વખતે શિલાન્યાસ સાથે ખીલી ખોડવાની પરંપરા છે.)

બન્નીની કાળિયાર યોજના

બન્નીના વનતારા ચિતા સંરક્ષણ સંવર્ધન કેન્દ્રમાં સરકારની મંજૂરી હેઠળ ૫૦૦ કાળિયાર હરણ વસાવવામાં આવશે. ઉપરાંત ૧૦૦ જેટલા ચિંકારા હરણ પણ મુકવામાં આવશે. હાલ બન્નીમાં ૨૦૦ કાળિયાર છે જેમાં ૨૦ જીવ વધ્યા છે.

ભુજિયાનો નાગપંચમી મેળો

ભુજના શણગાર અને રખેવાળ ગણાતા ભુજિયા ડુંગરના ગઢની ટોચે આવેલા ભુજંગ નાગ મંદિરે દર વરસે નાગ પંચમીનો મેળો ભરાય છે. ભુજને ફરતો આલમ પનાહગઢ ઉપરાંત શહેરના રક્ષણ માટે નજીકની 'ભોરિંગ ગિરિની ઉંચી ટેકરી' પર રાવ ગોડજી પહેલાએ કિલ્લો બંધાવ્યો હતો. જો કે એનું નિર્માણકાર્ય રાવ દેશળજી પહેલાના સમયમાં પૂરું થયું. કાળા પત્થરથી નિર્મિત આ કિલ્લામાં અનાજ, જળ સંગ્રહ, દારૂ ગોળા વગેરેની પૂરતી વ્યવસ્થા છે.

સમાચાર

મુલુંડ ગુજરાતી સમાજ

તા. ૯.૮.૨૦૨૬ને રવિવારે મુલુંડ સમાજના એસએસસી, એચએસસી-૨૦૨૬ ગુજરાતી ભાષી તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયેલ. જેમાં ૭૦-૮૦ તેજસ્વી તારલાઓનું વાલીઓ સાથે સન્માન થયું. આ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે આપણાં ક.દ.ઓ. જૈન સમાજના શ્રી ચીમનભાઈ મોતાએ પ્રમુખ સ્થાન શોભાવ્યું હતું. અન્ય મહેમાનોમાં શ્રી કિર્તીભાઈ મહેતા હાજર રહ્યાં હતાં.

પ્રમુખશ્રીની વિનંતીને માન આપી આપણાં સમાજના શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયાએ શ્રી ચીમનભાઈ મોતાનું શાલ અને સાફો પહેરાવી અભિવાદન કર્યું હતું.

લાલચ અને આસાતનાથી બચીએ તો?

હિંદુઓના એક મંદીરમાં ચઢાવા તેમ જ ચંદાના એકત્ર કરાયેલા નાણાં અને દાનપેટીના પૈસા ટ્રસ્ટી મહાશયોએ આપસમાં લૉન રૂપે વાટ્યા. લૉન પરત કરવાનો સમય વીતી ગયો. વ્યાજ પણ વિસરાઈ ગયું. થોડા સમય બાદ ઇશ્વરીય પરચો દેખાયો. કો'ક ધંધે ટકે પાયમાલ થયા, કો'ક ના પરિવારજનો બાળકો વિગેરે માંદા રહેતા થયા. કોઇની પોતાની જ શારીરિક તંદુરસ્તીનો દગો દેતી દેખાઇ. વીસેક વર્ષ અગાઉની આ ઘટના સત્ય હકીકતની છે.

જૈન દેરાસરમાં કો'ક છેવાડેના ગામોમાં આ સત્ય ઘટના થઇ હોય તેવા આધારભૂત સમાચારો જાણ્યા બાદ, રૂવાંટા ઊભા થયા ત્યારે કોઈ ચકચાર ફેલાવવાના આશયથી નહીં, પણ આપણે વહીવટદારો સૌ કોઈ આવી નાની મોટી દુર્દશામાં ભાગીદાર તો નથી બનતા ને? તેવું આત્મચિંતન તો કરીએ જ. આપને ઉત્તમ આરોગ્ય, દીર્ઘ આયુષ્ય અને ઉત્તરોત્તર પ્રગતિ માટે અનેક શુભકામનાઓ પાઠવું છું.

રંગીન પત્રિકાને રદ્દ કરીએ તો?

કોઇ રંગીન, લેમીનેટેડ વિવિધ ચિત્રો, દાતાઓ અને ભગવાનના ફોટા સહિતની આકર્ષક એવી આમંત્રણ પત્રિકા, એવા કાર્યક્રમને સુંદરતાનો ઓપ આપવા કે દાતાના દાનની ગરીમા વધારવા, કે કેટલાંકના ઇગો સંતોષવા કે સ્પર્ધાત્મક વલણને વેગ આપવા, રંગબેરંગી છપાતી હોય છે.

આમંત્રણ તારીખ પછી તેનો ઉપયોગ રદ્દીથી વિશેષ કાંઇ થતો હોય તેમ જણાતું નથી. છપાઇ કામના મોટા ખર્ચથી બચી શકાય. આપણી મોટાઇને અવળી દિશાએથી પાછા વાળી ના શકીએ? લખલૂંટ ખર્ચ કરવામાંથી સમાજને પરમપૂજ્ય આચાર્યો, મહારાજ સાહેબો આ સમસ્યામાં સાચું અને સચોટ માર્ગદર્શન અવશ્ય આપી શકે જ.

C.A. કુલીનકાંત ચાંપશી લુઠીયા, સામાજિક કાર્યકર્તા

૯૮૨૦૦ ૩૯૪૬૯

જીવન ચક્ર

જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા**
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



જન્મ

૦૪.૦૮.૨૦૨૬	આદીપૂર	દેવાંશી, અર્ચના-સાગર લાલકા	વારાપધર	પુત્રી
૦૫.૦૮.૨૦૨૬	નાંદેડ	અર્હમ, સ્વીટી-વિનય પ્રફૂલ નાગડા	તેરા	પુત્ર
૧૧.૦૮.૨૦૨૬	અમદાવાદ	હેમ, કરૂણા-રૂષભ છેડા	જસાપર	પુત્ર

જ્ઞાતિ સગપણ

૧૩.૦૮.૨૦૨૬	ઔરંગાબાદ	રોમિલ રાજેશ લક્ષ્મીચંદ મોમાયા	જખૌ	૨૬
	ઔરંગાબાદ	કશીશ અભય જયંતીલાલ નાગડા	સેવક ભરૂડિયા	૨૩
૧૩.૦૮.૨૦૨૬	જામનગર	પીયુષ પંકજ હંસરાજ દંડ	લાલા	૩૨
	મોટી ખાવડી	જાનવી કિરીટભાઈ લધુભાઈ લોડાયા	મોટી ખાવડી	૨૬
૧૪.૦૮.૨૦૨૬	ઘાટકોપર	યશ ચેતન કાંતિલાલ લોડાયા	વારાપધર	૨૬
	ભાંડુપ	દેવાંશી ખીરેશ પદમશી સાયલા	તેરા	૨૫
૧૪.૦૮.૨૦૨૬	કોઇમ્બતુર	હર્શિક મનીષ પ્રવીણકાંત મૈશેરી	જખૌ	૨૯
	ઇન્દોર	નિહારિકા ધર્મેન્દ્ર મહેન્દ્ર ધરમશી	કોઠારા	૨૭
૧૪.૦૮.૨૦૨૬	કરાડ	મયંક રીતેશ દિલીપ નાગડા (શાહ)	લાલા	૨૯
	બેલારી	દિશા શરદ મેઘજી મૈશેરી	જખૌ	૨૭
૧૬.૦૮.૨૦૨૬	નેરૂલ	મીત રોબીન વસંત દંડ	વરાડિયા	૨૭
	ડોંબિવલી	ટીના મનોજ શાંતિલાલ શિયાલ	દલતુંગી	૨૭
૧૬.૦૮.૨૦૨૬	ડોંબિવલી	સિદ્ધાર્થ નરેન્દ્ર ચીમનલાલ મોતા	લાખણીયા	૨૫
	નલિયા	રૂપલ ગીરીશ માણીકાંત લાલકા	નલિયા	૨૩

આંતરજ્ઞાતિ સગપણ

૨૭.૦૬.૨૦૨૬	જયપુર	અમન ગોવિંદજી પુરોહિત	--	--
	બેંગલોર	અનુષ્કા મિતેશ લોડાયા	--	--
૧૫.૦૭.૨૦૨૬	મુલુંડ	કેવિન ચેતન નાગડા	રંગપૂર	૨૯
	થાણા	દેવાંશી પ્રદીપ ઠક્કર	જામખંભાળીયા	-
૦૯.૦૮.૨૦૨૬	ધુલિયા	લોકેશ પરેશ નવીનચંદ્ર ધરમશી (ભાટે)	સુથરી	૨૬
	વડોદરા	યશશ્રી અશ્વિનકુમાર રમણીકલાલ ઉદાણી	જામનગર	૨૧
૦૯.૦૮.૨૦૨૬	પૂના	અક્ષય મિલનભાઈ મોમાયા	સાંયરા	૩૧
	કલ્યાણ	હેતલ ભવાનજી ડુંગરશી શેઠીયા	લાખાપર	--

૧૪.૦૮.૨૦૨૬	ગાંધીધામ	મિત જીતેશ શરદચંદ્ર મોમાયા	સાંયરા	૨૭
	અમદાવાદ	નિયતિ મેહુલભાઈ ભાવેશભાઈ ખરાડી	સુરત	૨૭
૧૬.૦૮.૨૦૨૬	મુલુંડ	વિવેક હિતેશ જયંતીલાલ જાદવ	બગસરા	૨૬
	ડોંબિવલી	હાર્વી કિશોર શાંતિલાલ માલદે	દલતુંગી	૨૬
૧૮.૦૮.૨૦૨૬	ઘાટકોપર	લય લીનેશ લહેરચંદ નાગડા	નલિયા	૨૭
	ભીવંડી	વિભાશા કિશોર કાંતિલાલજી જૈન	ઉમેદપુર	૨૬
૧૮.૦૮.૨૦૨૬	ઘાટકોપર	નિર્મળ વિપુલ લહેરચંદ નાગડા	નલિયા	૨૬
	અંધેરી	મૈત્રી પ્રેમાળ અનુપચંદ શાહ	મોરબી	૨૭
		જ્ઞાતિ લગ્ન		
૧૬.૦૭.૨૦૨૬	ડોંબિવલી	પરીન અભેશભાઈ ધરમશી	તેરા	૩૧
	મુલુંડ	વિધી દિલીપભાઈ દંડ	સાંધવ	૩૧
		આંતરજ્ઞાતિ લગ્ન છુટા		
૦૨.૦૯.૨૦૨૫	ઘાટકોપર	જેનીલ હરીશ માધવદાસ આસર	આમરા	૩૮
		કિંજલ ઉત્તમચંદ હેમરાજ લોડાયા	મોટી ખાવડી	૩૭
૨૬.૦૫.૨૦૨૬	વાશી	હિરલ અનીલ સોમચંદ શાહ	સુથરી	૩૩
	મુલુંડ	જય ભાવેશ પ્રાણલાલ સાવલા	રામાણીયા	૩૪
		મરણ		
૦૬.૦૮.૨૦૨૬	થાણા	જયશ્રીબેન (કસ્તુરીબેન) ધીરજલાલ ગોસર	બારોઈ	૮૦
૦૭.૦૮.૨૦૨૬	મુલુંડ	ગીતા ભરત સોમચંદ મોમાયા	સાંયરા	૫૨
૦૭.૦૮.૨૦૨૬	કારંજા	રાજેન્દ્ર ધારસી લોડાયા	તેરા	૭૨
૦૯.૦૮.૨૦૨૬	ચેંબૂર	કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા	રવા	૮૮
૧૦.૦૮.૨૦૨૬	ધુલિયા	વિભાબેન વિરચંદ ધરમશી	સુથરી	૫૬
૧૧.૦૮.૨૦૨૬	ડોંબિવલી	વીરચંદ લખમશી લાલકા	રંગપૂર (બેરાજા)	૮૨
૧૪.૦૮.૨૦૨૬	મુલુંડ	લક્ષ્મીબેન શાંતિલાલ દામજી મોમાયા	જખૌ	૭૭
૧૫.૦૮.૨૦૨૬	ઓસ્ટ્રેલિયા	નવીનચંદ ધનજી દંડ (અમદાવાદ)	પરજાઉ	૭૭
૧૭.૦૮.૨૦૨૬	સાંતાક્રુઝ	નિરવ તિલકચંદ મોમાયા	વરાડીયા	૪૯
૧૮.૦૮.૨૦૨૬	વાંકી	વર્ધમાન લખમશી લુઠીયા (નાની ખાવડી)	બાયઠ	૭૧
૧૯.૦૮.૨૦૨૬	મુલુંડ	દિનેશ પદમશી લખમશી લાલકા	નલીયા	૭૮

લેફ્ટિનેન્ટ જનરલ (Lt. Gen.) સંદીપ જૈન

રૉ (રિસર્ચ એન્ડ એનેલિસિસ વિંગ)ના વડા પદે બહુ અનુભવી વૈવિધ્યપૂર્ણ અલંકરણ (મેડલ્સ) ધરાવતા આઈપીએસ પરાગ જૈન (ઓપરેશન સિંદૂરના કી ઓપરેટીવ) હાલમાં જ ભારતીય આર્મ્ડફોર્સેસના ઉપાધ્યક્ષ પદે લે. જન. સંદીપ જૈન નિયુક્ત થયા છે. મહાર રેજિમેન્ટના કર્નલ, સૈન્યના ૫૦મા ઉપપ્રમુખ સંદીપ જૈન સૈન્યના વિવિધ ઉચ્ચ પદો પર ફરજ બજાવી ચૂક્યા છે.

BEING JAIN

Sanyam

- Shilpa Ajani (B.com, DG, FGA (Lon), FFIG)

The purpose of human life is to journey from the **worldly self to the true inner self,** and ultimately towards **Self-realisation**.The destination is known. The vehicle is available. The scriptures provide the map. Swadhyay is the GPS. But there is still one essential requirement:

There must be a highway on which the journey can actually be made. That highway is **Sanyam**.

Sanyam does not mean suppression of life or withdrawal from every worldly responsibility. Rather, it means **learning to govern oneself instead of allowing passions, impulses and desires to govern us**.

The uncontrolled mind says:

"I want it, therefore I must have it."

Sanyam asks:

"Do I really need it? Will it help my soul's journey?"

Thus, Sanyam is the transition from **impulsive living to conscious living**.

12 vows (vrats) form the practical framework of a shravak's sanyam gradually moving him from **uncontrolled worldly living towards self-discipline, detachment and ultimately Moksh**. **Anuvrats are the micro vows that partially control one's conduct Gunvrats are the micro vows which limit one's field of activity. Shikshavrats are the micro vows that train shravaks for greater restraint.**

Think of the journey towards Moksh as a long-distance highway.

A highway provides **direction, discipline, boundaries and safety**. It prevents the traveller from wandering aimlessly across fields, taking dangerous shortcuts or losing sight of the destination. Similarly, Sanyam provides boundaries to our **desires, senses, passions and conduct**. The highway has lanes. Sanyam gives our life direction. The highway has speed limits. Sanyam teaches moderation. The highway has barriers at dangerous turns. Sanyam protects us from destructive passions.

The highway has signs warning us of danger. Sanyam makes us conscious of the consequences of our actions. And most importantly, the highway keeps taking us **towards the destination rather than merely allowing us to move.**

Without Sanyam, spiritual knowledge can remain intellectual. We may read about Ahimsa but continue to act carelessly. We may study Aparigraha but remain consumed by possessions. We may listen to discourses on forgiveness but remain prisoners of resentment.We may know the path, yet continue travelling in the opposite direction.

Sanyam converts knowledge into conduct. It creates a pause between **stimulus and reaction**, between **desire and action**, between **emotion and expression**.

And in that pause lies freedom.

***

Kuber Bhandar

Bank safe deposit lockers in India

CA Jatin Jaichand Lodaya, Naliya (Chembur)
Cofounding Partner of FinaLiteY LLP - Mumbai
jatinlodaya@gmail.com | 9820791226

For generations, Indian families have relied on bank lockers to store jewellery, property papers and other valuables. Items such as cash, weapons, hazardous items are not permissible items. Over the years, the relationship between you and your bank over the locker has changed fundamentally.

Until 2022, banks largely disclaimed responsibility for what happened to your locker's contents, arguing they didn't even know what was inside. The RBI's revised locker guidelines, effective January 2022, reframed this relationship: banks are now your lessors, not your custodians. You lease the space; they're liable only where negligence on their part is proven.

Safe lockers can be accessed only during banking hours. Banks are expected to communicate each access to the customer via sms / email alerts; ensure no other customer or staff is present in the vault area, CCTV cameras are working.

Banks can open 'unused-for-long' lockers and remove the contents and reallot lockers to who wish to use. This process is undertaken in presence of senior bank officials, video recorded. Before banks decide to do so, they will write to the customer who can give a plausible response (say a NRI may say that we are not in the country but need the locker) - then no action is taken.

If loss occurs due to fire, theft, building collapse or bank fraud, compensation is capped at 100 times the annual locker rent. This is meaningful protection, but it's unlikely to cover the full value of, say, family jewellery. Hence it is worth factoring into what you actually store in a locker versus at home. Alternatively, you can insure the contents of safe deposit lockers. You must purchase a standalone Bank Locker Policy or add them to a Home Insurance Policy. Beyond a certain threshold amount, insurance company will expect a valuation report from a government-approved valuer. In the event of a claim, you will need to provide proof that you owned the items and kept them in the locker (e.g., purchase bills, photographs, or prior valuation certificates).

All bank branches do not have lockers. If you took a locker before 2022 and haven't been asked to re-sign a new locker agreement, follow up with your branch. Locker has nothing to do with your savings / FD account or related KYC process. If not done, banks can restrict your access to the lockers. Also keep the keys secured.

If you use a locker, keep a personal inventory of what's inside — banks aren't obliged to know, and, so is anyone else until you tell them. Ensure nomination for lockers has been recorded.

Life Power

Death Cleaning Part 2: The Quiet Rooms - How to Practice Death Cleaning

Alpa Dharamshi (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.

With the words of Margareta Magnusson to guide us_

If Part 1 was the _why_, this is the _how_.

Death cleaning isn't a weekend purge. It's a slow, gentle conversation with your past, held in small, kind rooms.

Margareta Magnusson believed in order and in mercy. She told us to begin where it doesn't hurt.

"She advised starting with larger, less memorable items and working your way down to the smaller ones, saving the most sentimental (letters, photographs) until last."

That way you build the muscle before you touch the things that make you cry.

1. BEGIN WITH THE OBVIOUS.

Walk through your home like a guest. What hasn't been touched in a year? What do you own in fives?

Magnusson was unsentimental and kind:

"unworn clothes, unwanted presents, more plates than you'd ever use."

If it doesn't serve your life now, it will only become someone else's puzzle later.

She named the moment we all know:

"Sometimes you just realise that you can barely shut your cupboard door. When that happens, it is definitely time to do something, even if you are only in your thirties."

2. MAKE IT A RITUAL, NOT A CHORE.

Light a candle. Put on music. Brew tea. Invite one person you trust.

Death cleaning isn't meant to be hidden in shame. It's meant to be witnessed.

As you hold each thing, tell its story out loud. This is where it becomes healing. Sorting gives us

"LESS STRESS AND BETTER MENTAL FOCUS,"

because we stop deferring decisions and start making them.

Thank it. Remember it. Choose.

3. THE THREE PILES THAT MATTER.

Magnusson didn't ask "does it spark joy?" She asked something deeper: who will this help?

KEEP:

PHOTOGRAPHS, LOVE LETTERS, A FEW OF YOUR CHILDREN'S ART PROJECT'S."

The evidence of love.

- GIVE:

Pass it on while you can watch it find a new home.

> "SOMETINES YOU MUST JUST GIVE CHERISHED THINGS AWAY WITH THE WISH THAT THEY END UP WITH SOMEONE WHO WILL CREATE NEW MEMORIES OF THEIR OWN."

- RELEASE:

THE REST. THE THINGS NO ONE WILL BE HAPPIER TO INHERIT.

And her compass question, asked again and again:

"Will anyone I know be happier if I save this?"

If the answer is no, let it go with gratitude.

4. TALK ABOUT IT.

The hardest part isn't the sorting. It's the speaking.

Scandinavians practice _döstädning_ because they're willing to talk about change, aging, and responsibility without flinching.

Magnusson used humor to soften it. She wrote about digging into

"her late husband's tool shed, and her

own secret drawer of vices,"

and found laughter there. When we laugh while we sort, the dread dissolves.

5. LEAVE A MAP, NOT A MYSTERY.

The last gift is clarity. A labeled box. A note that says, "These letters are for you." A home that doesn't need a stranger to decode it.

A reviewer called her book

"A fond and wise little book... This one I will keep."

Because it doesn't just teach you to clean. It teaches you to live lighter.

DEATH CLEANING IS REALLY LIFE CLEANING.

YOU ARE CURATING THE EVIDENCE OF A LIFE WELL-LIVED, SO THAT WHAT REMAINS ISN'T CLUTTER, BUT CLARITY.

NOT A BURDEN.......

A BLESSING.

***

નવા/બદલાયેલા સરનામા/ફોન

(પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

Shri Niren Shantilal Khona (PS - 85)
F4, Shivtirth Heights A,Opp. Mauli Kirana,
Wakhan Road, Karad MH - 151 108.
M. : 99223 86270.

Shri Jitendra Laxmichand Momaya(PS-2879)
A-204, Shree Sairaj Park CHS,
Bldg No 4, New Ayare Road,
Near Nana Nani Park,
Dombivli (East) MH 421201
M.: 93236 74997

Smt. Meena Shantilal Dharamshi (PS-403)
M-306, INDIS VB City,
Railway Employees Colony-Phase 2,
Medchal Malkagiri Dist.,
Hyderabad TS 5000105
M.: 99591 92399

Shri Jaimin Hirachand Dharamshi (PS-5005)
B-506, Atlantica CHS, Casa Rio,
Palava City, Nilanj Village, Kalyan Shil Road,
Dombivali East MH - 421204
M.: 9833605398

Shri Dhaval Yogendra Khona (Palani) (PS - 67)
B-1901, Aikya Roots Building,
L B S Road, Opp Jaswanti Landmark,
Vikhroli (West) Mumbai - 4000796
M.: 98209 28772, 98194 60001

Smt Vibha Vasantkumar Maheshwary (Maisheri) (PS - 3146)
B-20, Om Shivam, Bldg No 1, Shivam Complex,
Rajaji Path, Cross Lane no 3,
Dombivli (East) MH 421201
M.: 77100 41210

Smt Vanita Virchand Dand (PS - 976)
504, Gulmohar HSG Society, 5th Floor,
Pragati Icon Bldg No 33, Opp Bhaji Market,
Pant Nagar,
Ghatkopar (East), Mumbai - 400075
M.: 97570 15487

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

Over View

Are we future ready? The way ahead! (Part-1)

Dilipkumar Kusumkant Shah (Nagda)-Naliya - Andheri
B.com, LLB, PGDSM., Ex. IRS, Additional Commissioner of Income Tax.

1. The events which have be-folded recently have given me an impetus to pen my thoughts. 'COCKROACH JANTA PARTY' is the latest trend on all social media. Who are these people and who have given them overwhelming support for this campaign and finally culminating into resignation of the Education Minister. There are many a questions to be asked for this event. However, we will presently restrict ourselves to the apparent one and that is called Gen-Z, who have been offended by the phrase used by our CJI during the court proceedings and coined this name and got together to fight a common issue of paper leakage of NEET. Why did they join this campaign? There are various reasons and one of the most important reason is 'survival'. Survival is not merely a single word. It consists of an entire gamut of an environment like social, financial, emotional, physiological, spiritual and so on. Similar, is the case of our neighbour Bangladesh-2024 and Nepal-2025 where the Gen Z overthrew the old regime and brought a new one of youngsters who can analyze the current scenario and understand their needs. Such agitations in the recent past have taken place in Morocco wherein the youth mobilized thousands in late 2025 to protest unemployment and the prioritization of sports stadium funding over public health and education. Philippines, Indonesia, European countries, South American countries the regime in these countries have been facing the brunt of the youth in the recent past. Are these youths merely agitating to get a kick or they are a frustrated lot or there is something really serious behind these events? ***This is the moot question which has chided me for this write-up with reference to our own gnati which too is on the cusp of a big disruption.***

2. Now we move from trends around the world to our KDO gnati i.e. from Macro to Micro. For this write-up I have divided our history in three parts

i. The past (pre July,31, 1970)
ii. The present (1970 to 2025)
iii. The future. (post 2025)

2.1. **The past. Pre 31st July, 1970.** Why this date? Our gnati which was earlier primarily engaged in agriculture subsequently moved to trading in cotton. Many of our gnatijans had ginning and pressing factories, and some of them ran huge trading houses dealing in cotton. If you look towards our gnati for the 'Sheths' (rich gnatijans came from the families who were in cotton business). In those days there was not much education especially in the masses who were settled in Kutch and had not moved out to greener pastures. The cotton business was the main employment generator for our gnati (for not so educated masses) and a huge chunk of our brethren was employed. It used

to be called 'Season' and the people who were employed with these cotton firms used to say 'season te venota'. The season was for around 6 months and for the later period our brethren went to their homes which was generally in our native place of taluka Abdasa (Kutch) / Haalar (Jamnagar). This was the general trend for most of our brethren who used to stay in kutch or any other place (deshavad in kutchi) other than metros and who did not have their independent sources of income. The cotton business was one of the biggest income and employment generator of our gnati. Then on 31st July, 1970, Govt of India established Cotton Corporation of India, CCI in short (Many of us used to call it FEDERATION) The entire trade of cotton i.e. the purchasing of cotton at MSP went into the hands of the Government. Our reputed firms had to close their shop. The ginning and pressing factories also shut. Thus an entire generation associated with cotton business was without employment / income.

2.2. **Present. Post 31st July, 1970:** Since majority of our gnatijans who were serving in these cotton firms / factories lost their daily bread, they had to look for other opportunities / avenues. Transport and later on Custom House Agency (CHA in short) came at their rescue. During those times there were few fleet owners / transporters in our community. Taking a leaf from them many of our members joined them or started their commission business of loading trucks. Some real entrepreneurs purchased trucks and started their transport company. As of now there must be more than 100 transport companies run by our people and giving employment to many. Similar was the case with CHA. In those days there were a couple of reputed CHA from our community. Many of our community members took employment with these CHA firms. Slowly they learnt the tricks of the trade and in later part started their own CHA firms. At present there must be more than 50 firms of our KDOs having their own CHA license. Thus this era brought many a stories of rags to riches in our community. This era created many millionaires in our community especially from these two trades.

2.3. Post 2000, the trend changed. In these last 25 years we have generated the most graduates in our community. We have created more than 400 chartered accountants in this period and equal number of CS/CWA/CFA jointly. We have presently more than 200 doctors in our community and equal number of engineers/Architects/interior designers jointly. Nearly a 1000 of us must be connected with IT industry and equal numbers with Gruh Udhyog business of making khakras, farsan and sweets from the comforts of their home or from commercial spaces. A dozen of us are in civil services or Army and there would be around 200 of us connected with banking and finance [these are my estimates since I do not have the exact numbers]

(cont...)

Money Matter

Have You Secured Your Child's Future, Or Just Bought a Policy?

Diipesh Daghha – Varadia (Bhandup), Mob.: 99 1562 1562
MBA (Fin), QPFP, Founder – GrowthQuest
www.growthquest.in, diipeshdaghha@gmail.com

Millions of parents buy child insurance plans believing they've secured their children's future. But will the numbers support those dreams twenty years from now? Let's find out.

When Vihaan was born, his parents wanted to do what every parent dreams of doing, secure his future.

A few months later, an insurance agent visited their home with a proposal titled *"Child Future Plan."* The pitch was emotional and reassuring. *"Start today, and when Vihaan turns eighteen, he'll have a guaranteed corpus for his higher education."*

Convinced that they were making a responsible decision, his parents signed up for a policy that would require them to pay premiums for the next twenty years.

But here's an uncomfortable question: **Does buying a child policy automatically mean you've secured your child's future?** For most parents, the answer may be more complicated than they think.

The cost of quality education in India is rising at 8–10% every year. A course that costs 10 lakh today could easily cost 40–50 lakh by the time a newborn turns eighteen. Yet, many traditional child insurance policies generate returns in the range of 5–6% per annum. While the returns may be guaranteed, they often fail to keep pace with education inflation.

Let's look at a simple illustration. Suppose parents invest 7,000 every month for eighteen years.

· At an annual return of **5.5%**, the corpus may grow to around **25 lakh**.

· At an annual return of **12%** through equity-oriented mutual funds, the corpus could potentially grow to nearly **50 lakh**.

The difference isn't just about returns. It's about opportunities.

The irony is that many parents spend decades paying premiums, believing they have secured their child's future, only to realize later that the corpus falls far short of the actual education cost.

This doesn't mean insurance is unnecessary. Insurance has an important role to play, but primarily to protect income in case something happens to the earning parent. Investment and insurance are two different goals and are often best handled separately.

For long-term goals like a child's education, mutual funds offer advantages that traditional child policies often cannot:

· The flexibility to start small through SIP.

· The potential to beat inflation over long periods

· The freedom to increase or reduce investments as income changes

· Dedicated children's mutual funds that come with a lock-in period of five years or

until the child turns eighteen, encouraging disciplined investing.

The most important lesson for parents is this: **A child's future is not secured by guaranteed return insurance policies alone. It is secured by investments that can grow faster than inflation.**

A child policy may give parents peace of mind today, but only a growing corpus can give children opportunities tomorrow

Tonight's Dinner Table Question

If your child were to start college eighteen years from now, would your current investments be enough to fund that dream?

Disclaimer: The mutual fund returns used above are purely illustrative and are not guaranteed. Investments in mutual funds are subject to market risks. Please consult your financial advisor before making investment decisions.

ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

તા. ૩૧.૦૮.૨૦૨૬ : શ્રી ક.દ.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ તરફથી નર્સરી થી ધો. ૧૦ માટે શાળા ફી તથા પુસ્તક સહાય વી.એલ.વી.જી., ઘાટકોપર. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ.

તા. ૦૮ થી ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ : પર્વાધિરાજ પર્યુષણ મહા પર્વ. શ્રાવણ વદ ૧૩ થી ભાદરવા સુદ ૬.

તા. ૧૭.૦૯.૨૦૨૬ : શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન, સુથરી આયોજિત પખાવાજ કાર્યક્રમ. સાંજે ૬.૦૦ ક. થી. સુથરી જૈન દેરાસર.

તા. ૦૪.૧૦.૨૦૨૬ : સુથરી ગામવાસીઓ તથા નિયાણી બેનોનું સ્નેહ મિલન - સુથરી પરીવારનો મેળાવડો, મુંબઈમાં.

SIR પ્રક્રિયા પૂર્ણ કરો

SIR એટલે Special Intensive Revision - મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા. ચૂંટણી પંચ દ્વારા દરેક નાગરિકને મતદાનનો અધિકાર મળે અને મતદાર યાદી એકદમ સ્વચ્છ અને સચોટ રહે તે માટે હાથ ધરવામાં આવે છે.

પ્રક્રિયામાં શું થાય?

આ પ્રક્રિયામાં ઘરે ઘરે BLO એટલે કે Booth Lavel Officer જઈને દરેક પરિવારના સભ્યોની વિગતો ચકાસે છે. નવા ૧૮ વર્ષના યુવાનોના નામ ઉમેરવા, સ્થળાંતર કરનારના નામ કાઢવા, મૃત્યુ પામેલ વ્યક્તિના નામ દૂર કરવા અને સરનામા તથા અન્ય વિગતોમાં સુધારો કરવાનું કામ થાય છે. નાગરિકોએ પોતાના જન્મ તારીખ, સરનામા અને ઓળખના પુરાવા જેવા કે આધાર કાર્ડ, જન્મનું પ્રમાણપત્ર રજૂ કરવાના હોય છે.

નાગરિકો માટે તેનું મહત્વ શું?

મતદાર યાદીમાં નામ હોવું એ જ લોકશાહીમાં ભાગીદારીની પહેલી શરત છે. જો નામ યાદીમાં નહીં હોય તો તમે ચૂંટણીમાં મત આપી શકશો નહીં. SIR થી ડુપ્લિકેટ અને ખોટા નામ દૂર થાય છે, જેથી ચૂંટણીમાં પારદર્શિતા આવે છે. સાથે જ મહિલાઓ, યુવાનો અને વંચિત વર્ગના લોકોના નામ પણ નોંધાય તે સુનિશ્ચિત થાય છે.

સમયસર કરી લેવાની સલાહ

ઘણી વખત લોકો છેલ્લી ઘડી સુધી રાહ જુએ છે અને પછી દોડધામ કરવી પડે છે. SIR માટે મળેલી તારીખો અને ફોર્મ ભરવાની છેલ્લી તારીખનું ચુસ્તપણે પાલન કરો. જરૂરી દસ્તાવેજો તૈયાર રાખો. જો કોઈ ભૂલ હોય તો તરત જ ફોર્મ ૬, ૭, ૮ દ્વારા સુધારો કરાવો.

યાદ રાખો, તમારો મત જ તમારો અવાજ છે. અને એ અવાજ ત્યારે જ પહોંચશે જ્યારે તમારું નામ મતદાર યાદીમાં હશે. તેથી SIRને ગંભીરતાથી લો અને સમયસર પ્રક્રિયા પૂર્ણ કરો. જાગૃત નાગરિક તરીકેની આ આપણી ફરજ છે.

Student Corner

'Laying the foundation for a great academic year' with you

Dr. Aparna Ritesh Nagda-Naliya (Dombivali)
Mob.: 98339 74009, E-mail : aparnanagda04@gmail.com
Consulting Homoeopath, Child Counselor and Author of The Labyrinth of Silence

Our mind is our biggest friend as well as foe. It can lead as well as mislead us. Yet, when we learn to direct it our way, it obeys. Controlling the reins of our galloping mind enables to ride high on success.

The same is true for our children. Teaching them to have a firm hold over their strengths and weaknesses empowers them to achieve their goals. The goal could be as simple as staying happy in any given scenario. In the arduous journey of reaching their goals, children often experience anxiety, nervousness, defeat, and lose confidence or the desire to strive.

It is here that positive affirmations act like a ray of light. In this article, we will discuss how positive affirmations benefit, while in the next I will share techniques to practice them.

1) Builds confidence:

A child who is told that he can do it definitely does better than one who is continuously demotivated. Confidence to attempt a difficult or near to impossible task comes from the 'I can' mentality.

2) Reduces negative talk

Children who are introduced to positive affirmations have found to rarely use words like 'no' or 'not' in their daily interactions. Doubt levels are low and these children help their peers too to develop a rational mindset.

3) Develop emotional resilience

When positivity runs high, the mind feels assured, supported, and equipped to face challenges. The children become aware of the hurdles that are limiting them and work constructively on finding solutions because they have been told that it us possible.

4) Improve academic performance

Why do children who bag the top position in school or college continue to do so year after year? One is definitely persistence in their efforts, second- their mind is trained to focus on the greener side of life. They filter out the gray areas with repeatedly telling themselves they can.

5) Build growth mindset

Stagnation is a significant rigor mortis. Rigor mortis is the stiffness that develops in human body after death. Negativity attracts stagnation. It shunts growth and though, the child is growing in age and body, their beliefs and capacities are stuck to the ground level. They become fearful of attempting new task or take higher risk. They keep doing the same repetitive work losing the flair for challenges. Such children must receive positive affirmations fro parents and challenge. A positive talk helps the child to come out of their comfort zone.

6) Promote emotional well-being

In the end, we all want to raise self-assured and contented, Happy children. All izzz well mantra not only gives confidence but also carries peace with it. Children feel safe

and relaxed. They experience balanced emotions which are within their control. They are able to manage the highs and lows of life as their mind is equipped with positivity.

In the 1998, a book called You Can Win by Shiv Khera was a huge success. Till today, the pirated copies of the same can be seen with street side vendors. Forget bookstores like Crosswords making millions from it. You Can Win is all about developing a positive mindset and telling your mind- You really can.

***

Stay Healthy

MENTAL PROBLEMS OF OLDAGE

Dr. Jayantilal P. Khona (LECH)-Jakhau (Mulund)
Mob. : 8779985316

- Due to increase in the numbers of old age population, their needs to take extra special tender loving care & management for their physical & mental complaints, posse a big great challenges for government, community, & their family- friends
- Their daily feelings, mood, behavior, thinking, decision power, understanding, action is reflected & reacted in a negative, unhealthy & unhappy way.
- Important FACTORS that RESPONSIBLE are 1) **Retirement** or removed from job, business, portfolio, membership. 2) **Dependency** make their self-ego & self-confident low. 3) **Breakdown/splitting** of our strong reliable family support system makes them lonely & aloof. 4) **Financial problems**. Decrease or loss of income & dependent on others makes them worried.
- <u>SIGNS & SYMPTOMS OF THEIR MENTAL HEALTH PROBLEMS ARE</u>
- Confusion, less concentration, indecisive, increase or decrease appetite, forgetfulness specially of recent events, sleep disturbances, lack of vigor, stamina, weakness, loss of interest in pleasure giving activities & relations, feeling of depress, unworthiness, loss of charm for living, suicides thoughts. Repents, dependency.
- Unrealistic talk & behaviors, mistakes in money counting, driving, forgets to take medicines, difficulty in balance, feeding, dressing, washroom visits, bank visits, attending phone calls, etc.
- The management becomes difficult, requiring more time, patience, tact, willingness.
- Memory loss/ forgetfulness is seen either in old age or in mental disease or both.
- Besides tender loving care, many modern medicines and para medical therapies like physio,occupation,speech ,consuelling exercises,dietician etc are useful to make those patient's life better worth living.

જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

શ્રી સચ્ચાઈ મા ની સમુહ પેડી

તા. ૨૧-૭-૨૬ના નલિયાના ખોના ફલિયામાં શ્રી સચ્ચાઈ મા ને નમતા ભાવિકોની સમુહ પેડીનું આયોજન કરવામાં આવેલ . જેમાં મુંબઈ, થાણા, નાસિક, જલગામ, ભુજ, વર્ધમાન નગર, નવી મુંબઈ એમ દેશ દેશાવરના ૧૦૦ જેટલા ભાવિકોએ લાભ લીધેલ. તા. ૨૦.૭.૨૬ના મુંબઈ, સુરત, અમદાવાદના ૫૫ ભાવિકો ગાંધીધામ ઉતરીને ભદ્રેશ્વર તીર્થ-ગુંદાલાના શ્રી સચ્ચાઈ મા ના ધામ - ૭૨ જિનાલય - શિવમસ્તુ તથા દેઢિયામાં દર્શન કરી રાતના નલિયા પહોંચેલ. રાતના કીશોરભાઈ સંગારની સંગીત પાર્ટીના સથવારે શ્રી સચ્ચાઈ મા ની ભક્તિ ભાવના રાખવામાં આવેલ.

તા.૨૧ .૭ ૨ ૨ ૬ ના સવારના ચડતા પહોરે ભાવિકો અને પરિવારની મહિલાઓ શ્રીચંદ્ર પ્રભ અતિથિભવનથી પેડી પ્રસાદના થાળ લઈને વાજતે ગાજતે માતાજીના સ્થાનક પર પધારેલ. ત્યાં માતાજીના ભુવા શ્રી લલીત કુંવરજી ખોના એ વિધિવત પ્રસાદ ચડાવેલ.

મોનિકભાઈ ધરમશીને સ્કોલ એવોર્ડ

આંતરરાષ્ટ્રીય ટ્રાવેલ એસોસિએશનના એક મુખ્ય સભ્ય, સુથરીના હૈદરાબાદ નિવાસી મોનિક વિનોદભાઈ વેલજી ધરમશીને ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ હોટેલ મેરિડિયન કોઈમ્બતુર ખાતે એક્સલેન્ટ એવોર્ડ એનાયત કરાયો હતો. દ. ભારતના એક અગ્રણી હોલીડે પ્લાનર હાલ સ્કોલના ઈન્ટરનેશનલ ઈંડિયા બોર્ડના માનાર્હ કોષાધ્યક્ષ છે. આ હોદ્દા પર રહેતા મોનિકભાઈએ ઝીરો કેશ પેમેન્ટ અને ફાઈનાન્સીયલ પ્રૂડેન્સ ટ્રાસપરન્સી અમલમાં મુકી હતી.

શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર

મહાજન દ્વારા તા. ૧૫મી ઓગસ્ટના ૮૦ મા સ્વતંત્ર દિવસના શુભ અવસરે શ્રી કુંથુનાથ જિનાલય પરિસરના પ્રાંગણમાં સવારે ૧૦.૩૦ વાગે મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા સાથે શ્રી ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુરના ટ્રસ્ટી શ્રી જયંતભાઈ છેડા અને શ્રી વીરચંદભાઈ લોડાયા, મુંબઈથી પધારેલ અતિથીઓ દ્વારા ધ્વજારોહણ બાદ રાષ્ટ્રગાન ગાવામાં આવેલ.

શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ

શેઠ રાયચંદ ધરમશી ભવનના પવિત્ર પ્રાંગણમાં તા. ૨૦ ઓગષ્ટ, ૨૦૨૬ના અમદાવાદ શહેરના પ્રથમ કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના શ્રી નેમિનાથ દાદાના ભવ્ય દેરાસરજીના નિર્માણના પ્રથમ ચરણરૂપ ભૂમિ ખનન વિધિ શુભ અને પાવન વાતાવરણમાં સંપન્ન થઈ.

આ પાવન પ્રસંગે ખાનદેશ રત્ના પ.પૂ. સાધ્વીજી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં તેમજ સ્વદ્રવ્યથી દેરાસર નિર્માણના દાતા માતુશ્રી મધુરીબેન ભવનાજી લોડાયા પરિવાર અને જ્ઞાતિજનોની ભાવસભર ઉપસ્થિતિમાં ભૂમિ ખનન વિધિ પૂર્ણ થઈ. શ્રી નેમિનાથ દાદાના દેરાસરજીના ભવ્ય નિર્માણનું સ્વપ્ન સાકાર થવાની દિશામાં પ્રથમ મંગલમય પગલું ભરાયું છે.

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2024-2026 WPP Licence No. MR/Tech/WPP-352/North/2024-26
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

If not delivered please return to :

C/o. A/704, Remi Bizcourt, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053.

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**